# श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हॅरल्ड.

# SHRI JAIN CONFERENCE HERALD.


"सत्साधूनां पुनर्भगवतां महाराज ! नश्यन्त्येवामी पूर्वोदिताः सर्वेऽपि क्षुद्रोपद्रवा यतस्तेषां भगवतां प्रनष्टं मोहतिमिरं, आविर्भूतं सम्यग्ज्ञानं, निवृत्तं सर्वत्राग्रहविशेषः, परिणतं संतोषामृतं, व्यपगता दुष्टक्रिया, त्रुटितप्राया भववल्लरी, स्थिरीभूता धर्ममेघसमाधिः ॥ तथा गाढानुरक्तमंतरंगमतःपुरं ॥ यतस्तेषां भगवतां संतोषदायिनी धृतिसुंदरी, चित्तप्रसादहेतुः श्रद्धा, आल्हादकारिणी सुखासिका, निर्वाणकारणं विविदिषा, प्रमोदविधायिनी विज्ञप्तिः, सद्बोधकारिणी मेधा, प्रमदातिरेकानिमित्तमनुप्रेक्षा, अनुकूलचारिणी मैत्री, अकारणवत्सला करुणा, सदानंददायिनी मुदिता, सर्वोद्वेगघातिनी उपेक्षेति."—श्री सिद्धर्षिः


પુસ્તક ૯-અંક ૧૨.] वीर સંવત્ ૨૪૩૯. [ ડીસેમ્બર, ૧૯૧૩.


## श्रावक के सावज ?

હરિગીત.

સ્વ અર્થને તેં સાધવા કામો કુડાં ખાંતે કર્યા,
ભંડાર ધનના માનવી તેં તો અનીતિથી ભર્યા;
રાત્રિ દિવસ જે બાપડે મજુરી કરી ધન મેળવ્યું,
વળી સ્વેદનાં ટીપાંવડે કંઇ એકઠું પાસે કર્યું— ૧

તે તો મૂકયું તારે ગૃહે 'શ્રાવક' તને સાચો ગણી,
'સાવજ' બની વિકાળ રૂપે વચન ઉગ્ર રહ્યો ભણી;
" હું ઓળખું તુજને નહિ, લુચ્ચા ઠગારા તરકડા !
" સીધો ઘરે જા, અગર પડશે હાથ લોખંડી કડાં." ૨

આંસુ ઝરે છે નયનમાં, એ દાદ કોને જઇ કહે ?
અફસોસ ચિંતા શોકમાં હૈયું ન હામ ધરી શકે;
નાણાં બધાં તેં ઓળવ્યાં વળી શાહુકારોમાં ખપે,
પૈસાવડે મ્હોટો ભલે પણ 'શાહુકારી ચોર' છે. ૩

લાખો કરોડો રૂપીઆ ત્હેં મેળવ્યા તે ન જ મળ્યા,
અનીતિતણા પૈસા ખરેખર લોહી પરૂ સમ લેખવા;
નીતિ થકી પાઈ મળી તેનું મૂલ્ય બહુ અંકાય છે,
સૌ સ્વર્ગનું સામ્રાજ્ય તૃણવત્ પાસ તે લેખાય છે. ૪

બહુ જન્મનાં પાપો ખપાવા મનુજભવ સુંદર મળ્યો,
એ રત્નને ચીંથરાં વિંટાળી સુખ શું માની રહ્યો ?
રે તાંતણો તુટશે જીવનનો સાંધવા ન સમર્થ કો,
આ દેહ ભસ્મીભૂત થાશે દેહી ઊડી ચાલતો. ૫

માટે સમજ તું માનવી ન્યાયે નીતિથી ચાલવું,
જે હોય આપણુ પાસ તે જગના જીવોને અર્પવું;
'દુનીયા નથી તારી' પરંતુ તું જ દુનિયા માટ છે,
આ વિશ્વના પોષણ મહીં તુજ ઉદરપોષણ થાય છે. ૬

તા. ૪ અકટોબર. ૧૩. —મગનલાલ દલીચંદ દેશાઇ.

# શ્રી જ્ઞાનશાળાગુણગર્જન.*

( પુનમ ચાંદની ખીલી પુરી અહીં રે—એ રાગ. )

[1]જ્ઞાનશાળા લાગે ગુણવંતી સોહામણી રે,
જેમાં જૈન બાલકો ભણતાં ધરીને પ્રેમ,
રૂડી જ્ઞાનશાળા ગુણગંભીર જણાય છે રે—
જૈન નાવ ભવસાગરે, અજ્ઞાન ખડક મોઝાર;
અથડાતાં અટકાવતો, [2]દીપ સ્તંભ નવકાર—
જૈનશાસ્ત્ર સકળનું મૂળ એહ ગણાય છે રે,
જેની પૂર્ણ પ્રભાનો કોઇ ન પામે પાર,—જ્ઞાન૦

* જૈનશાલાના વિદ્યાર્થીઓના ઇનામી મીલાવડા પ્રસંગે સારા કંઠવાળા છોકરાઓને હારમોનિયમ સાથે ગવરાવવાથી મીલાવડાની શોભામાં ઓર વધારો થાય છે; અને જૈનશાલાના ધાર્મિક શિક્ષણની આવશ્યકતાની શ્રોતાવર્ગ ઉપર સચોટ છાપ પડે છે,

૧ જ્ઞાનશાલા=જૈનશાલા–જૈનજ્ઞાન લેવાની શાલા આ સ્થળે "જ્ઞાનશાલા" ને બદલે "જૈનશાલા" શબ્દ પણ ચાલી શકશે.

૨ દીપસ્તંભ=દીવાદાંડી. ભવસાગરમાં જૈનધર્મસમાજરૂપ નૌકાને અજ્ઞાનખડક સાથે અથડાતાં અટકાવનાર સાધન તરીકે નવકારરૂપ દીવાદાંડી છે.

ભાગ્યશાલી તે જૈન છે, જે નિત લેતા જ્ઞાન,
જૈનાગમની દેશના, જાણે ના હેવાન !
માનવ દેહ ધરીને જ્ઞાન-ધર્મ જાણે નહિ રે,
એવા અધમ જનોને શતકોટિ ધિક્કાર,—જ્ઞાન૦

સામાયિકનાં સૂત્ર ને, વળી જીવવિચાર,
સમકિત સેવે સર્વદા, પામે તે ભવ પાર,
એવા દૈવી ગુણથી જ્ઞાનશાળા શોભતી રે,
થાઓ જૈન ધર્મનો સદા વિજય જયકાર, જ્ઞાન૦

શ્રી જ્ઞાનવર્ધક શાલા
વેરાવળ. } પોપટલાલ ગોવિંદજી સાંગાણી.

# स्फुट नोंध.
# Editorial Notes.

## आबुना जैन मंदीरमां चामडाना बुट साथे घुसता युरोपीअनोने अटकाववा माटे श्वेताम्बर जैन कॉन्फरन्से लांबा वखत सुधी करेला प्रयासनुं शुभ परिणाम.

**દુનિયામાં સૌથી મ્હોટું બળ**—હથીઆર કરતાં પણ મ્હોટું બળ-કોઇ હોય તો તે ઐક્ય બળ છે. એક સાથે ઉપડતા હજાર પગો, એક સાથે ધડકતાં હજાર હૃદયો, એક દિશામાં દોડતી હજાર મગજોની ભાવનાઓ: એમના બળ માટે તમે શું ધારો છો ? એક લાખ તલવારો કે બંદુકો કરતાં એમનું બળ વિશેષ છે. પણ હિંદીવાનોને અને ખાસ કરીને જૈનોને આ ઐક્યબળનો ખ્યાલ બહુજ ઓછો છે, તેથી તેઓ ઘણાં કામોમાં નિષ્ફળ જતા જોવામાં આવે છે. સુભાગ્યે જૈનોને આ કિમતી પાઠ શિખવવા માટે એક બનાવ બનવા પામ્યો છે, કે જેની નોંધ લેતાં અમને ઘણો જ હર્ષ થાય છે.

આબુપરનાં આપણાં પવિત્ર મંદીરનું નિરીક્ષણ કરવા આવતા યુરોપીઅન વીઝીટરો ચામડાના બુટ સાથે અંદર ઘુસતા હતા અને તેથી આશાતના થતી હોવાથી જૈનો તેમને તેમ ન કરવાની નમ્ર અરજ કરતા હતા, તે સર્વ વ્યર્થ જતી હતી. પરિણામે કેટલાક કજીઆ પણ થયા હશે. આ હમેશનું દુઃખ દૂર કરવા માટે, છેવટે, કેટલાક આગેવાન જૈનોને ઐક્ય બળ જમાવી અરજ કરવાનો વાજબી રસ્તો સૂઝી આવ્યો. આજથી સુમારે ૪૦ વર્ષ ઉપર કેટલાક આગેવાન જૈનોએ એકઠા મળીને ઇમ્પીરીઅલ ગવર્નમેન્ટ તથા રાજપૂતાનાના એજન્ટ ટુ ધી ગવર્નર-જનરલ ઉપર એક અરજી કરી. પરન્તુ ચાળીસ વર્ષ ઉપર

આપણા ભાઇઓનું એક મંડળ પણ હસ્તી ધરાવતું ન હતું, કે જેમાં સમસ્ત હિંદના શ્વેતામ્બર જૈનો પ્રતિનિધિ હોય; તેથી થોડાએક આગેવાનોએ કરેલી અરજને સમસ્ત જૈન સમાજ તરફની અરજ તરીકે લેખવામાં આવી નહિં હોય અને તે કારણથી દાદ ન મળી હોય એ બનવા જોગ છે. પરન્તુ સંવત્ ૧૯૫૮ માં સમસ્ત હિંદના જૈનોની કૉન્ફરન્સ સ્થપાઇ, જે આસ્તેઆસ્તે પ્રજામાં તેમજ સરકારમાં જાણીતી થતી ગઇ. આમ જ્યારે જૈનોનું એક પ્રતિનિધિમંડળ છે એમ સરકારના જાણવામાં આવ્યું ત્યારે ઇ. સ. ૧૯૧૧ માં કૉન્ફરન્સે આ બાબતમાં સરકાર સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો અને ૧૯૧૨ ના એપ્રીલમાં આગેવાનોનું એક વગવાળું ડેપ્યુટેશન એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ ઓફ રાજપૂતાના હજુર મેકલ્યું. આ ડેપ્યુટેશન સ્વર્ગસ્થ શેઠ લાલભાઇ દલપતભાઇ, શેઠ રતનચંદ તલકચંદ, મુંબઇના સંઘપતિ શેઠ રતનચંદ ખીમચંદ, શેઠ કલ્યાણચંદ સૌભાગ્યચંદ, શેઠ કુંવરજી આનંદજી, શેઠ મોતીચંદ ગીરધરભાઇ કાપડીઆ B. A. L. L. B., શ્રીયુત ગુલાબચંદજી ઢઢા M. A. વગેરે ૨૫-૩૦ આગેવાનોનું બનેલું હતું. તેઓએ ના૦ એજંટ સાહેબ સમક્ષ જૈનોનો પક્ષ રજુ કર્યો અને એક માનપત્ર આપ્યું. સુમારે બે કલાક સુધી સમસ્ત હિંદના જૈનોની કૉન્ફરન્સના પ્રતિનિધિઓને એજંટ સાહેબે શાન્તિથી સાંભળ્યા બાદ તેઓની અરજ ઉપર સંપૂર્ણ લક્ષ આપવાનું વચન આપ્યું. ત્યારબાદ ૧ા વર્ષ સુધી નિરંતર પત્રવ્યવહાર કૉન્ફરન્સ ઓફીસ અને આબુના મેજીસ્ટ્રેટ સાહેબ વચ્ચે ચાલુ રહ્યો; તે સાહેબે કેટલાક પુરાવા માગ્યા હતા, જે કૉન્ફરન્સ ઓફીસે પૂરા પાડયા હતા.

આ પ્રમાણે શ્રીમતી કૉન્ફરન્સ દેવી તરફથી નિયમિત પ્રયાસ ચાલતો હતો અને તેનું પરિણામ જાહેર થવાનો વખત નજીકમાં આવ્યો હતો. તેવામાં એક બનાવ બન્યો, કે જે બનાવનાં પાત્રો આજે સઘળો યશ પોતાના શિર લેવાની કોશીશ કરે છે-અગર તેમના આજુબાજુના લોકો એટલે કે તેમના ખાસ ભકતો તેવી કોશીશ કરે છે; તે બનાવ એવો બન્યો કે, કૉન્ફરન્સ ઓફીસનો પ્રયાસ ચાલતો હતો તે દરમ્યાનમાં શ્રી ધર્મવિજયજી મહારાજ અને શ્રીયુત હીરાચંદજી સચેતી એઓને અજમેર ખાતે એજંટ મી. કોલવીન સાથે મુલાકાત કરવાનો પ્રસંગ મળ્યો. આ મુલાકાત વખતે શ્રી ધર્મવિજયજી મહારાજશ્રીએ કૉન્ફરન્સ અને આબુના મેજીસ્ટ્રેટ વચ્ચે ચાલેલો પત્રવ્યવહાર જોવા માગ્યો, જે મહારાજશ્રીના મંગાવવાથી કૉન્ફરન્સ ઓફીસે તેમને પૂરો પાડયો હતો.

છેવટે હમણાં તા. ૧૦-૧૦-૧૨ ના રોજ રાજપૂતાનાના મે૦ એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ સર કૉલવીન સાહેબનો હુકમ, આબુના મેજીસ્ટ્રેટ સાહેબ મારફત, જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ઓફીસને મળ્યો છે કે "યુરોપીઅન વીઝીટરોને ચામડાના બુટ બદલી કેનવાસના બુટ પહેરી દાખલ થવાની બહાલી ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિઆ આપે છે."

જૈનોની ધાર્મિક લાગણીના રક્ષણ માટે કરેલા આ હુકમ માટે સમસ્ત જૈન વર્ગ નામદાર લોર્ડ હાર્ડીંગ બહાદૂરનો, તથા સર કૉલ્વીન અને આબુના મેજીસ્ટ્રેટનો ઉપકાર અંતઃકરણપૂર્વક માને છે. રાજકર્ત્તાને 'ધર્મ-રક્ષક' કહેવામાં આવે છે તેથી તેઓએ દરેક પંથની ધાર્મિક લાગણીનું રક્ષણ કરવા બનતું કરવું જોઇએ છે, પણ આ પવિત્ર ફરજ સમજનારા રાજાઓ અને અમલદારો ઘણાજ થોડા જોવામાં આવે છે. સુભાગ્યે આપણા લોકપ્રિય વાઇસરોય લોર્ડ હાર્ડીંગ ઘણા દીલસોજ હાકેમ હોવા સાથે ધાર્મિક વૃત્તિવાળા પુરૂષરત્ન છે. કાનપુર મસ્જીદ સંબંધમાં થયેલા હુલ્લડ કેસમાં પણ તે નામદારે વચ્ચે પડીને

મુસલમાન કોમને નહિ ધારેલો સંતોષ આપ્યો છે અને તોફાનમાં કેદ પકડાયલા મુસલમાનોને મુક્ત કરી પોતાની શાંતિપ્રિય રાજનીતિ અને ઉદારવૃત્તિનું દિગ્દર્શન કરાવ્યું છે. હિંદ અને બ્રીટાનીઆ વચ્ચે પ્રેમની સોનેરી સાંકળ તુલ્ય આવા હાકેમો દીર્ઘાયુ પામો એવી અમારી ખરા દીલની પ્રાર્થના છે. અને એ પણ આશા રાખીશું કે મ્હોટાં મ્હોટાં શહેરોના જૈનો સ્થાનિક સભાઓ એકઠી કરીને તે નામદારનો આભાર પ્રદર્શિત કરવા ચૂકશે નહિ.

કોન્ફરન્સ ઓફિસે આ બાબતમાં લીધેલા શ્રમ માટે તે કોઇ જાતનો ધન્યવાદ ઇચ્છતી નથી; કારણ કે એવાં કામો કરવા માટે જ એનો જન્મ થયો છે. અને ખરૂં કહીએ તો કોન્ફરન્સના પ્રયાસને મળતો જય એ કોઇ એક માણસની મિલ્કત નથી, પણ કોન્ફરન્સ આખા હિંદના સુમારે પાંચ લાખ ગણાતા શ્વે૦ મૂર્તિપૂજક જૈનોથી બનેલું મંડળ હોઇ એના પ્રયાસને મળતો યશ પાંચ લાખ જૈનોની સંયુક્ત મિલ્કત છે. પરન્તુ જ્યારે આપણે છાપામાં વાંચીએ છીએ કે રાધનપુરમાં એક જૈન મીટીંગ થઇ અને આ કાર્ય પાર પાડવા માટે શ્રી ધર્મવિજયજી મહારાજનો આભાર માનવામાં આવ્યો, ત્યારે આપણને આશ્ચર્ય થયા સિવાય રહેતું નથી. મહારાજશ્રીને તો કદાચ આવો અયોગ્ય યશ લેવાની ઇચ્છા પણ નહિ હોય તેમજ તેમના હરગોવિંદદાસ પંડીત જેવા અંગત ભક્તોથી થતી આવી હીલચાલ તેમને પસંદ પણ નહિ હોય, કારણકે તેઓ સારી રીતે સમજતા હોવા જોઇએ કે આ કામમાં સઘળો પ્રયાસ કોન્ફરન્સનો જ હતો અને તેમણે માત્ર એક મુલાકાત આપ્યા સિવાય બીજું કાંઇ કર્યું ન હતું, જેથી તેઓ વાજબી રીતે જૈન સંઘ પાસે યશનો દાવો કરી શકે નહિ,—જોકે તેઓ આ સર્વ બરાબર જાણતા હોવાથી ઉપર કરેલો ઠરાવ કરાવનારના પગલાને હૃદયથી પસંદ નહિજ કરતા હોય, તોપણ જ્યાં સુધી એવી નાપસંદગી તેઓ જાહેર રીતે જણાવે નહિ ત્યાં સુધી સમાજને ખોટા ખ્યાલથી વિરમવાની આશા રાખી શકાય નહિ.

આબુમંદિર સંબંધી લડતના બનાવે આપણને એક કિમતી પાઠ શિખવ્યો છે, જે તરફ એક ભાઇબંધ પત્રકાર આપણું ધ્યાન ખેંચવા માગે છે. તે પત્રકાર લખે છે કેઃ—

"પ્રજાએ પણ આવા દાખલાઓ ઉપરથી ધડો લેવાનો છે. કોઈ પણ જાતનો ગેરઇન્સાફ પોતાને મળે છે એવું પોતાને લાગે ત્યારે કાયદો પોતાના હાથમાં ન લેતાં મ્હોટી સંખ્યામાં મળીને સરકારને રીતસર અરજ ગુજારવાની રૂઢી અંગીકાર કરવાથી વ્હેલો મોડો પણ વિજય મળે છે. 'કૉન્ફરન્સો નકામી છે' એમ કહી એની વિરૂદ્ધ બુમરાણ કરનારા અને એના હસ્તકના સુકૃતભંડારના ચાર આના નહિ આપવાની હીલચાલ ચલાવનારા કહેવાતા આગેવાનો (ખાસ કરીને અમદાવાદીઓ) આથી જોઇ શકશે કે સુધરેલી સરકારો હમેશ પ્રજામતને મહત્વ આપતી આવી છેઃ અને કૉન્ફરન્સનો અવાજ એ સમસ્ત હિંદના જૈનોનો પ્રજામત છે, એમ સરકાર સારી રીતે સ્હમજી શકી છે. આગેવાનોમાં જો કાંઇપણ સામાન્ય અક્કલ હોય તો તેઓએ હવે કૉન્ફરન્સ પ્રત્યેનો દ્વેષ દૂર કરવો જોઇએ છે, અને ત્હેમાં સુધારણાનો અવકાશ પોતાને જણાતો હોય તો તે સુધારા સૂચવવા અને દાખલ કરાવવા બહાર પડવું જોઈએ છે, પણ પોતાની સત્તાના લોલુપી બની માત્ર ઇર્ષ્યાથી કૉન્ફરન્સને તોડી પાડવા ઇચ્છવું એ તો આત્મઘાતી પગલુંજ છે એમ હવે તેઓએ બરાબર સ્હમજવું જોઇએ છે. **આ જમાનો સંયુક્ત બળનો છે. અને કૉન્ફરન્સ એ એકજ સાધન છે કે જે સંયુક્ત બળ ઉત્પન્ન કરી શકે.** કૉન્ફરન્સ વડે સંયુક્ત બળ વધારીને **સમસ્ત તીર્થસ્થળો માટે આવો જ ઠરાવ કરવાની સરકારને અરજ થવાની જરૂર છે."**

# एक दिगंबर जैन गृहस्थ तरफथी बादशाही सखावत.

## त्रणे फीरकाना जैनो माटे 'जैन कॉलेज़' स्थापवामां ते रकम वपरावानी आवश्यकता.

કેળવણીના પ્રચારના આ જમાનામાં સૌથી પાછળ પડેલી કોઇ કોમ હોય તો તે જૈન કોમ છે, અને તે છતાં જૈન આગેવાનો જેટલી ઉદારતા બીજાં ખાતાંઓ તરફ બતાવે છે તેના દસમા હિસ્સા જેટલી પણ ઉદારતા કેળવણીનો પ્રચાર કરવામાં બતાવતાં શિખ્યા નથી, એ કાંઇ ઓછો ખેદનો વિષય નથી. સુભાગ્યે એક દિગંબર મહાશય—શ્રીયુત ત્રિલોકચંદજી કલ્યાણચંદજી ઇંદોરનિવાસીએ હમણાં સવા બે લાખની રકમ જૈનોમાં કેળવણીનો પ્રચાર કરવાના આશયથી જૂદી કહાડીને જૈન સમાજનું ધ્યાન આ જરૂરીઆત તરફ ખેંચ્યું છે. એ રકમમાંથી ઇંદોર ખાતે એક 'જૈન હાઇસ્કુલ' સ્થાપવાનો વિચાર રખાયો છે.

દાનવીર શેઠ ત્રિલોકચંદજી કલ્યાણમલજીની આ સખાવત માટે તેમને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે. પણ સખાવતની રકમ કરતાં પણ સખાવત કરવાની તેમની રીત માટે તેમને ખાસ ધન્યવાદ ઘટે છે. તેઓએ એ રકમનો સારામાં સારો ઉપયોગ કેવી રીતે થઈ શકે તે માટે જૈન પબ્લિકના અભિપ્રાય જાણવા ઇચ્છયું છે, કે જેથી ઘણા અભિપ્રાયોના વ્યવહારૂપણાની તુલના કરી સર્વોત્તમ અભિપ્રાય પર અમલ કરવાનું બની શકે.

જ્યારે શેઠ મજકુરે જાહેરનો અભિપ્રાય જાણવા ઇચ્છયું છે ત્યારે અમો પણ અમારો નમ્ર અભિપ્રાય જાહેર કરવાની અમારી ફરજ અદા કરવાનું યોગ્ય સમજીએ છીએ. અમારૂં આધીન મત એવું છે કે, એ રકમ મુંબઈ ખાતે સમસ્ત જૈનો માટે 'જૈન કૉલેજ સ્થાપવામાં આપવી અને એ કામ માટે જોઇતાં વધુ નાણાં શ્વેતામ્બર, સ્થાનકવાસી તથા દિગંબર આગેવાનોમાંથી એકઠાં કરવાં. કેટલાક જાણીતા શ્વેતામ્બર વિચાર નેતાઓ પાસેથી અમે સાંભળ્યું છે કે તેઓ **સંયુક્ત જૈન કૉલેજ**ના વિચારને પસંદ કરે છે અને તેઓ પોતાની કોમમાંથી સારો સરખો ફાળો એ ખાતે અપાવવા બનતું કરવા તૈયાર છે. ત્રણે સંપ્રદાયો વચ્ચે આજકાલ જે જૂદાઈનો અખાત હસ્તી ધરાવે છે તે, આવી એક કૉલેજમાં સાથે મળી રકમ કરવાના પ્રસંગ મળતાં અદૃશ્ય થશે એવી આશા રાખવામાં આપણે ઠગાઈશું નહિ જ. વળી ત્રણે ફીરકાના ભવિષ્યના નેતાઓ એક સાથે રહી અભ્યાસ કરવાને પરિણામે, જ્યારે તેઓ પોતપોતાના ફીરકાની આગેવાની પોતાના હાથમાં લેશે ત્યારે તો સંપૂર્ણ ઐકય બનવા પામશે જ, એમ આપણે હિંમતથી કહી શકીએ.

"અંદર અંદરના કજીઆ દૂર કરો; આપણે બધા ભાઇઓ છીએ, એક પિતાના પુત્રો છીએ" વગેરે મતલબનાં લાંબાં છટાદાર ભાષણો પ્લેટફોર્મ ઉપરથી ઘણાંએ અપાય છે અને છાપામાં પણ એવા લેખો ઘણા લખાય છે, પણ ત્રણે ફીરકાને સાથે મળીને કામ કરવા

જેવા **પ્રસંગો ઉત્પન્ન કર્યા વગર** એ ભાષણો અને લેખોથી કાંઇ શુક્રવાર થવાનો નથી. કેળવણી એ એવું કામ છે, કે જેમાં સઘળા મતભેદ બાજુએ રાખી ત્રણે ફીરકા હાથ સાથે હાથ મેળવી શકે.

**મુંબઇ**માં બાબુ **પન્નાલાલજી** સ્થાપિત જૈન હાઇસ્કૂલ તો છે જ; અને જો 'જૈન કોલેજ' સ્થપાય તથા હાઇસ્કૂલ તથા કોલેજ બન્ને એક સરખા ઉત્તમ ધોરણ પર મૂકાય તો સમસ્ત જૈન વર્ગમાં ઉચ્ચ શિક્ષણનો પ્રચાર ઝડપથી થવા લાગે અને આખા **હિંદ**ના સાધન વગરના પણ વિદ્યાવિલાસી જૈન યુવાનોને ઘણી સારી સગવડ થાય. એટલા માટે આપણે ઇચ્છીશું કે, પરોપકારી શેઠજી આ સલાહ પર પુરતો વિચાર કરશે અને ત્રણે ફીરકાના આગેવાનો સાથે મળીને '**સંયુક્ત જૈન કૉલેજ**' સ્થાપવાના નિશ્ચયપર આવવા કૃપા કરશે.

આ લેખ મશીન પર જતી વખતે અમારા સાંભળવામાં આવ્યું છે કે, મજકુર રકમમાંથી હાઇસ્કુલ સ્થાપવાનું નક્કી થઇ ગયું છે અને કરાર થવાની તૈયારીઓ લગભગ પુરી થઈ ગઇ છે. પરન્તુ જ્યાં સુધી તે કામ સંપૂર્ણ થઇ ગયું નથી ત્યાં સુધી હજી અમારી આ સલાહ પર તાકીદે વિચાર ચલાવવાનો આગ્રહ કરવાની ઇચ્છા અમે દબાવી શકતા નથી. અમે હાઇસ્કૂલની વિરૂદ્ધ નથી, કેળવણીના પ્રચારનું દરેક કામ પ્રશંસાપાત્ર જ છે; પરન્તુ આપણે જેમ નિરૂપયોગી અને ઉપયોગી વચ્ચે વિવેક (discrimination) કરવાનો છે તેમજ **ઓછા** ઉપયોગી અને **વધારે** ઉપયોગી વચ્ચે પણ વિવેક કરવો જોઇએ છે. ઉંડો વિચાર કરનાર દરેક જૈન કબુલ કરશે કે **સંયુક્ત જૈન કૉલેજ અને હૉસ્ટેલ**ની જેટલી જરૂર છે અને તેથી જેટલો લાભ થવો સંભવિત છે તેટલો બીજી કોઈ સંસ્થાથી થવાનો સંભવ નથી.

# जैन ज्योतिष.

## तिथि निर्णय.

[ लेखक—राजगुरु पंडित. मोहनलाल वि० लक्ष्मीचंद्रजी. महात्मा. कुशलगढ—तर्फसे. ]

जैन–ज्योतिष ग्रंथोमे गंणितके हिसाबसे तिथि संज्ञा चंद्रमासे मानी गई है. और दिवस रात्रि संज्ञा सूर्यसे, अन्य ज्योतिष ग्रंथोमभी यही न्याय मान्य है. इस विषयमें टीकाकार श्रीमान् मलयगिरीजी जैन श्वेतांबराचार्यका फरमान है? देखिये ज्योतिषकरंडपयन्ना, ग्रंथ–मूलगणधरोक्त–टीकाकार–उक्त महाराज–प्रथम मूलपाठ दिखलाया जाता है. सूरस्स गमणं मंडल विभाग निप्पाइया अहोरत्ता । चंदस्स हाणि वुठिकएण निपज्जए ओतिहिं ॥ टीका–तिथयः शशि संभवाः अहोरात्राः सूर्यसंभवाः इसका माइना उपर लिख चुके है. फिर टीकाकार खुलासा करते है.

इहसूर्य–एकैकमर्धमंडलमेकेनाऽहोरात्रेण परिसमापयति. तस्यचाऽहोरात्रस्य द्वाषष्ठिर्भागा क्रियंते तत्राऽहो रात्रगता–एकषष्टि भागा कस्यास्तिथेः परिमाणं इसका अर्थ यह है की–सूर्य एक २ मंडलके आधेभागमें, जब जाता है, उतने समय ( काल ) मे–एकदिन रात खतम होती है–उस अहोरात्रिके बासठ ६२ भाग करे उसमेके एकसठ ६१ भागपर चंद्रमंडल पहुंचे–एक दिन रातमें उतने समय कालको एक १ तिथि परिमाणकाहा–अबचंदस्सहाणिवुठि ) इस पाठका माइना बतलाते हे टीकाकार–चंद्रमंडलस्य कृष्णपक्षे यावताकालेनैकैक षोडशोभागो द्वाषष्ठि भाग चतुष्टय प्रमाणो हानिमुपपद्यते–यावता कालेन शुक्लपक्षे एकैकः षोडशोभाग प्रागुक्त प्रमाण परिवर्धते कला तावत्कालप्रतिमातिथयः ( इसका माइना–कृष्णपक्षमें–चंद्रमंडलका जितना कालकरके एक २ शोलमा हीस्सा–दिवस रात्रिके बासठ ६२ भाग चतुष्टय प्रमाण हानिको प्राप्त होती है–उतनाही कालकरके शुक्लपक्षमें बढता है. और खुलासा-एकदिवस रात्रिके बासठ ६२ अंक है उसमें शोले १६ का भाग देओ लब्ध अपूर्ण ४ आये याने ४ भागमें कुछ कमति संख्या हुई-इतने हिस्से ( भाग ) प्रमाण हमेसा चंद्रमा घटता बढता है इस हिस्सेको कला–कहि गई है. सारांश यह निकला की–चंद्रमाकी शोले कला है. प्रतिदिन एकैक कला घटती बढती है. कृष्णपक्षमे घटती हे शुक्लपक्षमे बढती है. दरेक पंदरा दिनमे पंदरा कलाओकी हानि वृद्धि होती है. एक कला हमेशा कायम रहती है इस हिसाबसे शोले कलात्मक चंद्र कहा जाता है. अब यहां सवाल पेदा होता है. क्या? चंद्रबिंब घटता बढता रहता है अगर घटता बढता हैतो स्वस्वभावसे हे या परसे? जवाबमे देखा गया तो–ज्योतिष्करंडक पयन्नेके आधारसे यह मालुम हुवा–की–चंद्रबिंबको कोई खामिनही वो हमेसा स्वच्छ स्फटिकमिव स्वस्वभावमे रहता है. उसके नीचे जो ध्रुव राहु है उसका विमान चार अंगुल दुर हमेशा रहता है उसका स्याम वरण है वो हमेशा चंद्रमाकी एकैक कलाको–प्रतिपक्ष–ढाकता–व उघाडता रहता है–या ते चंद्रमाकी हानि वृद्धि कही गई है.

अब पीछे तिथि विषय पर आते है. वाचकवृंद कहेंगे–यहतो माना. परंच तिथिका घटना बढना भि बतलाओ. जवाबमे देखागया तो यही सबूत मिला, की चंद्रमडल हमेसे दिवस रात्रिके ६२ बासठ भागमेंसे एकसठ भागतक पहुंचता है. ज्यादे नही. एक भाग हमेसे अर्ध सूर्य मंडलका चंद्रमाकी अपेक्षा खाली रहा. उसको क्षय समजो. ( वाचकवृंद यह स्थल बहुत गोर करणेका है. ) जैसे आजरोज सूर्योदयसे दिन

रात्रि हुई इसके बासठ ६२ हिस्से किये अब चंद्रमा चलता २ एकसठ हिस्सेतक पहुंचा. बाकी एक हिस्सा बचा. अब फिर सूर्यकु तो कल उगनाही है फिर उससे दिन रात्रि होना माननाही पडेगा. और चंद्रमाकुंभि हमेसे अपनी निरंतर चालसे चलते २ एकसठ ६१ मे हिस्सेतक पहुंचना हे. तो देखिये—एकाहिस्सा तो आजके दिन रात्रिका बाकी रहा हुवा था वो गृहण किया. अब साठ और चाहिये. सो कलरोजके याने कलके दिन रात्रिके बासठमेसे ६० और गृहण किये अब चंद्रके तो पुरे हुवे—कलके सूर्यके २ भाग और खालि रहे अब तीसरे रोज. और सूर्य उतनाही चला उसकेभि बासठ ६२ भाग किये, अब दो भागतो चंद्रमाने कल रोजके लिये. अब चाहिये ओगणसाठ ५९ भाग सो तीसरे दिनके बासठ ६२ भागमेसे ५९ लिये. देखिये चंद्रके तो एकसठ ६१ भाग पुरे होगये. बाकी तीसरे दिनके तीन ३ भाग खाली रहे. इसी क्रमसे हमेसा ( प्रतिदिन ) एक २ भाग सूर्यका याने दिन रात्रिका खाली होता रहा. उसको चंद्रमा अपने एकसठ ६१ भागके हिसाबसे हमेसा गृहण करता रहा, इस गणनासे सूर्यके जब ६२ ही भाग खाली होगये तब चंद्रमाने सब ( ६२ ) भागको गृहण कर लिया. इस हिसाबसे सूर्यके बासठ ६२ दिन रात्रि पूर्ण होते हे तब चंद्रकृत तिथि त्रेसठ ६३ पूर्ण होती है इसीको क्षय तिथी मानी गई है. क्योंकि चंद्रमांसे तिथी और सूर्यसे दिवस रात्रिमान कहा गया हे. अब वृद्धि तिथी तरफ खयाल करते हे तो—वृद्धिका होना गणितसे नहीं पाया जाता है . सबब जब चंद्रमा सूर्यसे आगे बढे तब तिथि वृद्धि होना माना जावे. चंद्रही जब नियमित गतिसे सूर्यके ६२ भागमेसे ६१ भाग पर्यंत पहुंच सके तब वृद्धि होना कैसे संभवे. और चंद्रमाको. जैनज्योतिष वेत्ताओने. सबसे मंदगति देखा प्रमाण ज्योतिष्क॥ चंदेहिं सिग्घयरासूरा सूरेहि होतिनरकत्ता आणिपगई पच्छाणा हवंति सेसागाहा सव्वे. १॥ माइना इसका यह हुवा, चंद्रसे शीघ्रतर सुर्य चलता है सुर्यसे नक्षत्र. नक्षत्रसे ग्रहा सब शीघ्र चलते है और वक्र—सरलभि चलते है—पंच संवत्सरात्मक एक युगके सूर्यमानसे १८३० अहोरात्रि होती है और चंद्रमानसे १८६० तिथि होती है—उसमे नियमित तीस ३० चंद्र तिथिका क्षय होनेसे १८३० कुछ अंशात्मक भाग चंद्र तिथिका ज्यादह रहता है युगकी शुरुआतसे बासठमे दिन एक तिथि क्षय होती है तो शालभरमे पांच ५ वा छे ६ तिथि क्षय होना संभवे ऐसे एकंदर एक युगमे ३० तिस तिथिका क्षय कहा गया है ( प्रमाण ज्योतिष्करंडकमें ) गाथा—अठारससाठिसया, तिहीण नियमया

जुगंमि नायव्वा ॥ तुथ्थेच अहोरत्ता तीसा अठ्ठारससयाओ ५५ ॥ इतिज्ञेयं. इस हिसाबसे तिथि निर्णय हुई–अब धर्म कृत्य किस आधारसे करणा कहा सो दिखलाते है–तिथिके आधारसे–या दिवसके आधारसे प्रतिष्टा उद्यापन–यात्रा वगेराको छोडकर–तपस्यादिक वृत नियमोका करणा दिवसके याने सूर्योदयके आधारसे जैनमै मानागया है. यह बात जगत् जाहिर है और जैन शास्त्रोमेंभि हरजगह प्रमाण दिया गया है. इसपर एक भाषाकार कविने कहा है. ( जिण तिथिमांहि सुरउगमें–तेहिज दिन अहनिशि संक्रमे. उदयिक तिथि ते करो प्रमाण, मूल सूत्र छे एहनोठाण ॥ १ ॥ औरभि देखिये. प्रत्याख्यान भाष्यमे ) उग्गयेसूरे–या सुरे उग्गे–नमुकारस० वगेरा पाठ प्रमाण रखागया है. इससे सबूत हुवा. तपस्यादिक वृत्त करणा सूर्यके आधारसे है और प्रवर्तिभि यही चल रही है. चंद्रकृत तिथिके आधारसे तो उक्त क्रिया करना शास्त्रकारोने नहीं फरमाया. अगर फरमाया होता तो. 'चंद्देउग्गे' ऐसापाठ होता सो हे नही. और ज्योतिष्करंडक पपन्ना ग्रंथमे गणिता गत्तसे–सब तिथियोंका क्षय होना दिखलाया है. वृद्धि नही दिखलाई. बहुत गोर करणेकी जगह है, जब कोई पर्व तिथि. २। ५। ८। ११। १४। १५ और अमावासका क्षय आता है, तब गच्छाचारोमे बडाही बखेडा होता है. कोई पूर्व तिथिको क्षयकर धर्म पर्व कायम करते है. कोइ उत्तर तिथिको क्षय कर कायम करते है परंच गणित्तागतसे किसीने न दिखलाया. ऐसाही अधिक मासके बारेमें टंटा चलता है. बुद्धिमानोको तटस्थ होकर समालोचना करना चाहिये। की इयह आंदोलन कबसे चला. दीर्घदृष्टीसे देखा गया तो मेरे खयालमे यह आयाकी. जैन ज्योतिष विद्या ( पंचांग ) की गणित कला लूप्त होनेसे अन्य मतियोका पंचांग मानने लगे तबसे यह टंटा चला. और उसपर दृढ विश्वास करणे सें असली निज वस्तुको खो वेठे. खेर, अब तिथिके और पर्वके विषयमें खयाल करते होतो यह मालुम होता है कि, जब सूर्यकृत दिनसे धर्मकृत्य करणा तीर्थंकर गणधरोने फरमाया तो. चंद्रकृत तिथिसे हमें क्या जरुरत है–जिसवख्त सुर्योदयमें जो तिथि आई वह दिनभर मानना हमारी फर्ज है. अब गणितसे जब ८ । १४ तिथिका क्षय आया तो धर्म पर्व कब करणा–इसपर विचार करते है तो सूर्यकृत दिवसही–प्रधान माना जाता है. इस लिये तिथिके आधारसे धर्म पर्व नहीं. किंतु सूर्यके ( दिनके ) आधारसे है. ८ । १४ का क्षय होतो ७ । १३ का क्षय समजके ८ । १४ पर्व स्थिर रखना मुनासिब है. न्यायाभि है की चलता हुवा मनुष्य

थक जावे तो पिछाही हटे. परंतु आगे नहीं बढे. गणितसे सब तिथियोका क्षय जैन पंचांगमे तथा अन्य पंचांगमें एकसा माना गया है—वृद्धिमे फर्क है. अन्य पंचांगमे वृद्धि मानी गई है; जैनमें नहीं. अगर चंद्रकृत तिथिसे धर्म पर्व माना जावे तो जब तिथिका प्रवेश हो उस वख्त धर्मकृत्य शुरुकरे और तिथि उत्तरने पर समाप्त करे—ऐसा करते नहीं और खाली तिथिका पक्षकरे भो महाशयो कुछ सुक्ष्म दृष्टिसे विचारतो करे. अपन तिथि २ पूकारते हैं. परंच वृतादिक कार्यतो सूर्यके आधारसे करते हैं. इसीसे ज्ञानियोने फरमाया की सूर्यकृत दिवसमे कोई फर्क नही तिथिमे फर्क है. दिनमान ज्यादे कमती होना सूर्यके मंडलोसे पाया जाता है मगर चंद्र मंडलभी साथ लगा हुवा है. प्रत्येक सूर्याऽर्ध मंडलके ६१ भागको आरोहण करता रहता है. दिनमान संभूतला पृथिवि परतो १२ बारा मुहूर्तसे पाकर यानि मकरसं-क्रांतिसे बढता २ अठारा १८ मुहूर्त कर्क संक्रांति तक परम होता है. और रात्रि अठारा मुहूर्तसे घटतां २ बारा मुहुर्त कर्कसंक्रांति तक जघन्य होती है. ऐसेही कर्क संक्रांतिसे दिन घटता २ मकर पर्यंत १२ मुहूर्त जघन्य होता है और रात्रि १२ से बढती २ उत्कृष्ट मकरतक १८ मुहूर्ती होती है. क्षेत्रांतरमे दिनमान ऐकसा नहि होता है. प्रत्येक अस्त एक सरीखे नही होते. जिस क्षेत्रमें जितने घाटिका दिनमान हो, उतनेही हिसाबसे चंद्र तिथिका संघटन समजो मगर चंद्रका संबध दिन रात्रिके साथ लगा हुवा है. ऐसे तिथिका निर्णय जैसा देखा वैसा बतलाया. ज्ञानियोंके ज्ञानका पार नहीं एकसे एक ज्यादह दुनियामे इल्मदार है. इस विषयमें जिस किसी महाशयोके पास उल्लेख हो व जाहिर कर जैन ज्योतिष विद्याको पुष्ट करे ताके खास और आमको फायदेमंद हो. जैन पंचांग की जैनोमें बहुत खामी है. अगर कोई महेनत करे तो मदत देनेवाले नहीं मिले—जबहीतो यह विद्या लुप्त हो रही है. इसको जाहिर लानेकी बहुत जरुरत है.

अगर एक सक्ष नहीं कर सके तो अनेक सक्ष मिलके एक संस्था ( जैन ज्योतिष विद्या प्रकाशक सभा ) नाम स्थापन करके पंडितो द्वारा जैन ज्योतिष ग्रंथोको संशोधन कराके छपवाये जावे और जैन गणित क्रियाको ज्योतिष शाला स्थापन कर विद्यार्थि द्वारा प्रकाश कीइ जावे तो तमामको फायदेमंद हो और मा-लूमभी हो की जैनमें ज्योतिष विद्याका ज्ञान है. अभितक लोगोकुं यह मालुम है की जैनमे उक्त विद्याही नही. मे उम्मेद करता हूं की इस विद्याको जैनी भाइयो प्रगट करनेमे सहायक होकर अपने समकितका पुष्ट करेंगें, और जैन ज्योतिष विद्याका विजय वावटा भारतमे फूरावेगे.

भो महाशयो ! जागृत हो, जमाना जाता है. गया समय हात नहीं आता फिर कब करोगे?

॥ दोहा. ॥

कालकरेसो आजकर, आजकरेसो अब ।
समय विदीता जातहै, फिरकरेगा कब ॥१॥ इत्यलं

**ताजे कलम**—आजकल जैन लोग जो तिथि मानते हे वह अन्य पंचांगके आधार पर हे. सबाल पेदा होता है अन्य पंचांग सच हे इसका निर्णय आप लोगोने कीया है ? जवाबमे यही कहेंगे, निर्णयतो नही करा देखा देखी मानते है. फिर सवाल उठता है. जब तिथिका क्षय आया, जैसे आठम चौदशका; अन्य पंचांगमें क्षय आया. तब क्या करोगे ! जवाबमें यही कहना होगा पूर्व तिथिको क्षय करके पर्व तिथि कायम रखेंगें. और यहाभि कहोगे उदय तिथि मानेंगे.

यह बात कहने मात्र है परंतु गणितागत नहीं. अब देखिये अन्य पंचांगमें. जो तिथि क्षय होती है उसकी पहलि तिथि की घडिया पल कुछ अंश बाकी जुरूर रहती है. सूर्योदय समय बाद क्षय तिथि लगती है. अब आपकी सूर्योदय तिथि जो मानते हो वह कहां रही दाखला जैसे तिथि ७ दोघडी या १ घडि या ३० पल है उसके बाद अष्टमी ८ मी क्षय तिथिकी घडिया लगी. दुसरे दिन नवमी आगइ. अब उदयात् अष्टमी मानते हो वह कहां रही ? सिर्फ मनसेही अपना पर्व कायम रखना पडता है. गणितसे नहीं सबूत पाया जाता है. ऐसेही जैन पंचांगमेंभि गणितागतसे सब तिथियोंका क्षय माना जाता है. वहांपरभि मनसेही मानना पडेगा. परंच घरकी बातपरतो विश्वास नही और दूसरेकी बातपर विश्वास रखते है. बडे अफशोषकी बात है वहांतो कहेंगे. पर्व तिथि जैनमें क्षय नही होती परंच गणितागतसे कोई महाशय निर्णय नहि करता. सच्च बाततो यह है. जैनमें व्रत नियम सूर्यकी साक्षीसे होतेहै. उस बखत कोई तिथि हो—चंद्र तिथि हो या न हो. परंच सूर्य तिथि जरूर लेना चाहिये.

# सुभाषित संग्रह.

( પૃ. ૨૪૬ થી ચાલુ. )

**વીરલા.**

વિરલા પરકારજકરા, વિરલા પાલે નેહ;
વિરલા ગુણ કીધો ગ્રહે, પરદુઃખે દુઃખિયા જેહ.
આ ભવ દુઃખ ન પામિયો, પરદુઃખહરણ ન ધાત;
દુઃખ દેખી દુઃખ નવિ ધરે, તે આગળ શી વાત?

**વિધિની વિચિત્રતા.**

રત્ન કલંકિત કીધ, જબ વિધિ સૃષ્ટિ કિયોરી,
કમલે કંટક કીધ, ચંદ્ર કલંક દિયોરી,
સમ સંજોગે વિજોગ, દુર્ભગ રૂપે ધર્યોરી,
નિર્ધન પંડિત વિપ્ર, જલનિધિ ખાર કર્યોરી,
ધનપતિ કૃપણ સ્વભાવ, લક્ષ્મી મ્લેચ્છ ધરેરી,
ધર્મીસુત ધનહીન, નારી નીચ ધરેરી.

**વ્યસની.**

માતપિતા કુલ લાજ, નહિ મરજાદ કશીરી,
વ્યસને વંઠયો જેહ, તે કુલકુચ મશીરી;

**અવિનીતપુત્રથી માતપિતાને દુઃખ.**

ધનપતિ સુતને કાજ, દેવને માની લિયેરી,
અવિનીત પ્રગટે પુત્ર, સુખવન દાહ દિયેરી.
સુત જનની હુલરાય, મ્હોટા જાપ હુવેરી,
શત્રુથી અધિકા થાય, તાતનું નામ ખુવેરી.
મધુર અશન તજે માય, સુતના રોગ ભયેરી,
કુવચન જીવિત શૂલ, થાયે મોટા થયેરી.
મૂઢ પ્રાણી ગમાર, કૂડાં કપટ કરીરી,
વંચી લોક અનેક, તસ ધન લેત હરીરી.
ખાય પિયે નહિ પેટ, દેશ વિદેશ ફરેરી,
દાન ધરમ કરી દૂર, મંદિર માલ કરેરી.
ભોગવે ધન ધરપુત્ર, મા મલમૂત્ર ધુવેરી,
વહુ પરણી મુખ જોઇ, છેડો વાલી રૂવેરી.
પરિજન સેવે પાય, જબલગે સુત ન ધરેરી,
જનમે નંદન જામ, સજ્જન જાય ધરેરી.
નરથી સુખી પશુજાત, સુખભર વનમાં રમેરી,
નહિ સુત ચિંતા કાંઇ, બાલકવય નિગમેરી,

ચાકરી દાસ કરંત, વાહને સુત વિચરેરી,
વૃદ્ધ હોવે માબાપ, ચિંતે કિમ ન મરેરી ?–
અશનમાત્ર ગુણજાણું, ચાંપો પણ ન ચરેરી,
ગંડલ મંડલ જાત, રયણી ચોકી ભરેરી–
બાલક બ્યાલકતુલ્ય, પ્રગટયે પુત્ર તિસ્યોરી,
માતપિતા દુ:ખદાય, કૌણિકરાય જિસ્યોરી–
રાજ્યવિઘ્ન પુરઘાત, એક દિન જીવ હરેરી,
મણિએ વિભૂષિત નાગ, કુણ જન રાખે ઘરેરી ?

**પુત્ર વિનાનું ઘર.**

ચોસઠ દીવા જો બલે, બારે રવિ ઉગંત,
અંધારૂં છે તસ ઘરે, જસ ઘર પુત્ર ન હુંત.
પણ એ જૂઠી વારતા, જસ ઘર વંઠિલ પુત્ર,
માતપિતા ઘરમાં રૂએ, વંઠયું તસ ઘરસૂત્ર.

**પાણી ઉતર્યું એટલે થયું.**

પ્રાણી પાણી આપણું, રાખી શકે તો રાખ,
રતિભર પાણી ઉતર્યું, ને ચઢે ખરચે લાખ.
નૃપ અપમાને લોકમાં, ન કરે કોઇ સલામ,
રાંકને રહેવા ઝુંપડાં, પણ નહિ એહને ઠામ.

**સમાનશીલ વ્યસનેષુ સખ્યમ્.**

સરિખે સરિખી હો કે જગમાં જોડી મળે,
મૂરખે મૂરખ હો કે ચતુરે ચતુર મળે.
ગર્દભ ભૂંકે હો કે મંડલ તામ રૂએ,
ખર મુખ ચાટે હો કે વઠલ્યો કુણ જુએ ?

**માતપિતા ગુરૂ.**

ક્રમ નખ કાંતિ પિતૃતણી, જાણી તીર્થ સમાણીરે,
ઉત્તમ નર પૂજન કરે, પંડિત શાસ્ત્રે વાણીરે.
કટુક ગિરા ગુરૂ માતની, આગલ હિતકર જાણેરે,
કષ્ટહંતા ભેષજ પરે, નિરૂજા વૈદ્ય વખાણેરે.
ગુરૂ તાડંતાં હિત કરે, ઉન્મારગથી વારેરે,
મણિકારક ઘસતાં મણિ, રત્નનું તેજ વધારેરે.
પિતર નિભ્રંછે દોષને, પણ નવિ પુત્રને તાડેરે,
જેમ નવિ તાડે પાત્રને, મંત્રિક ભૂત પછાડેરે.
જગત ગુણે ગૌરવ લહે, શું કરે પર પોતાનેરે,
નિજ અંગજ મલ પરિહરે, વનજ કુસુમ શિર માનેરે,
માતપિતા ગુરૂકુલ વશી, હોય જગત બહુમાનેરે.
કંચનગિરિ વલગાં રહ્યાં, તૃણતરૂ કનક સમાનોરે.

**તૃષ્ણા**

લાભે લોભ વધે ઘણો, ઇંધણથી જેમ આગ્ય;
તૃષ્ણા દાહ સમાવવા, જલસમ જ્ઞાન વૈરાગ્ય.

**દુઃખ દેનારા પાંચ વળ્વા**

વ્યાધિ વ્યસન વિવાદ ને રે, વૈશ્વાનરને વૈરરે, ચતુર નર,
પાંચ વળ્વા વધ્યા દુઃખ દીએ,
દાલિદ્ર નામ મનુષ્યનેરે, આયુ વિના મૃતી ઝેરરે,
ચતુર નર, રોગ વિના રોગીપણું.

**રાત કેને વહાલી ?**

કૌશિક ચોર ને ભૂતડાંરે, નર પરદારાધ્યાનરે,
ચતુર નર, રાત્રિ વલ્લભ ચારને હો.

**વિશ્વાસ ન કરવા લાયક કોણ ?**

ચિંતે કુંવર નવિ વિસસોરે, ઠગ ઠક્કર સોનારરે,
ચતુર નર, સર્પ રિપુ ને વાણિયા.
હથિયારબંધ ને વાંદરાંરે, પરદારા મંજારરે, ચતુર નર.

—વીરવિજયજી.

# ચર્ચાપત્રો.

**બનારસની શ્રીમદ્ યશોવિજયજી જૈન પાઠશાળા**ના સેક્રેટરીને વિજ્ઞપ્તિ કે તે સંસ્થાનો રિપોર્ટ ખર્ચ, પરિણામ, ધોરણ, અત્યારસુધી બજાવેલ કામકાજ, વગેરે બધી બાબતો આ પત્રદ્વારા કે જૈન શાસન પત્રદ્વારા બહાર પાડશે તો લોકોને તેની ઉપયોગિતા જાણવાનું ઘણું સારી રીતે બની શકશે. અત્યારસુધી તે સંસ્થાદ્વારા છપાયેલાં પુસ્તકો બીજાં પુસ્તકો ભાવનગર લઇ જવામાં આવ્યાં છે એવી લોકવાતમાં શું વજૂદ છે ? અને તે વાત ખરી હોય તો તેનો સત્ય હેતુ શું છે તે પણ સેક્રેટરી જણાવશે એમ ઇચ્છીએ છીએ.

—એક પ્રજાજન.

**મહાવીર અંક**-આ પત્રે પર્યુષણ અંક કાઢી જે સેવા બજાવી છે તે માટે તેને ધન્યવાદ આપી એવું ઇચ્છીએ છીએ કે તે પત્ર ખાસ જૈન મહાવીરના જન્મતીથિપર કે નિર્વાણતીથિપર શ્રી મહાવીર અંક કાઢે, અને લોકો પર વિશેષ કલ્યાણ કરે. મહાવીર પિતાનું ચરિત્ર હજુ સર્વાંગ પૂર્ણ જૈનોના જાણવામાં નથી, તો પછી અન્ય ધર્માઓ તો ક્યાંથી જાણતા હોય ? દયાનંદ સરસ્વતિના જીવનપર પ્રકાશ પડવા માટે 'મહર્ષિ અંક' નામનો આર્યપ્રકાશ પત્રે ખાસ અંક કાઢયો હતો તેવો અંક જૂદા જૂદા લેખકો પાસે મહાવીર પ્રભુના ચરિત્રાંશો પર લખાવી એક ખાસ અંક અધિપતિ બહાર પડે તો તેમના જીવનપર અને તેથી જૈનોના જીવનપર ઘણો પ્રકાશ પડે; માટે આ દિવાળીપર કે આવતા ચૈત્રમાસપર આ બાબતની વ્યવસ્થા કરવા હું ભલામણ કરૂં છું.

—બહેન નિર્મળા.

**જૈન વૈદ્યક સાહિત્ય**—સેવામાં નિવેદન કે:–"હેરલ્ડના" ઓકટોબર માસના અંકમાં પ્રકટ થયેલા "જૈન ગ્રંથભંડારમાં વૈદ્યક સાહિત્ય" નામનો લેખ વાંચનારાઓને પુનઃ વિજ્ઞપ્તિ કરવાની રજા લઉ છું કે:–

આયુર્વેદ મહા મંડળના જનરલ સેક્રેટરી આયુર્વેદ પંચાનન–પં. જગન્નાથપ્રસાદ શુકલ તરફથી મને "હેરલ્ડ" માર્ફતે જાહેર કરવાની સુચના થઇ છે કે–

આર્યવૈદ્યકના પ્રાચિન ગ્રથો જે મહાનુભાવોના રક્ષણ નીચે હોય તેઓ ઉદાર દષ્ટિ વાપરી આયુર્વેદ મહામંડળ તરફ તેની એકેક નકલ મોકલી આપશે તો આયુર્વેદ મહામંડળ તેવા અપ્રસિદ્ધ ગ્રંથો પ્રકટ કરવાનો પ્રયત્ન કરશે.

મોકલાવેલો ગ્રંથ જે ભાષામાં હશે તે ભાષામાં તેની બીજી નકલ કરી લઇ મંડળદ્વારા લગભગ ખર્ચ જેટલાજ મૂલ્યે પ્રકટ કરવાનો આશય રાખવામાં આવશે અને જેમના તરફથી તે નકલ મળી હશે તે સંસ્થા અથવા સજ્જનનું નામ પણ પ્રકટ કરવામાં આવશે.

પ્રાચીન સાહિત્યને પ્રસિદ્ધિમાં મુકવા થોડા વખતને માટે ભંડારમાંના ગ્રંથની નકલ ઉછીકી આપવાનું ઔદાર્ય દર્શાવી આરોગ્ય જેવા અતિ મહત્વના વિષયમાં યથાશક્ય મદદ આપવામાં સંકુચિત દષ્ટિ, પ્રમાદ કે અલક્ષ કરવામાં નહિજ આવે એવી આશા રાખું છું.

આવતા ડીસેમ્બર માસમાં મથુરાંમાં સમગ્ર ભારતવર્ષના વૈદ્યોનું "વૈદ્યક સંમેલન" અને "વિરાટ આયુર્વેદિય પ્રદર્શન" ભરાવાનું છે. જેમાં પ્રાચિન વૈદ્યકવિષયના ગ્રંથો, અપ્રસિદ્ધ વૈદ્યકસાહિત્ય, પ્રાચીનકાળે વપરાતાં વૈદ્યકીય શસ્ત્રો અને યંત્રો, વનૌષધી અને શાસ્ત્રોક્ત ઔષધોનો સારો સંગ્રહ થશે. આવા પ્રસંગે જે જે સજ્જનોના રક્ષણમાં પ્રાચિન વૈદ્યક ગ્રંથો, અને વૈદ્યક વિષયને લગતી એવી અન્ય વસ્તુઓ હોય તો તેઓ કૃપા કરીને એ પ્રદર્શનમાં તેવી વસ્તુઓ મોકલી આપશે તો વૈદ્યકમંડળને જ્ઞાનપ્રાપ્તિમાં ઘણોજ આધાર મળશે.

પ્રદર્શનમાં મોકલવામાં આવેલી દરેક વસ્તુઓ પ્રદર્શનની સમાપ્તિ પછી સત્વરજ તેની તેવીજ સ્થિતિમાં મોકલનારને પાછી મળે તેવી સંપૂર્ણ ખાત્રી કરી આપવામાં આવશે.

જે જે મહાશયો આ બાબતપર પોતાની સંકુચિતવૃત્તિનો ત્યાગ કરી ઉદાર ભાવથી કાંઇ પણ વસ્તુ મોકલવા ઇચ્છા રાખતા હોય તેમણે ડીસેમ્બર પૂરો થયા પહેલાં મારા તરફ અથવા નિચેનાં શિરોનામમાંથી ગમે તે એક સ્થળે સંપૂર્ણ વિગતસર પત્રવ્યવહાર કરવાથી યોગ્ય બંદોબસ્ત થશેજ.

૧ ડૉ. બંકિમચંદ્ર સાન્યાલ સુપ્રીન્ટેન્ડેન્ટ આયુર્વેદિય એકઝીબીશન કમીટી.
મથુરાં–સીટી.

૨. આ. પં. જગન્નાથપ્રસાદ શુકલ સુધાનિધી કાર્યાલય.
દારાગંજ—પ્રયાગ. અલ્હાબાદ.

**કીમ સ્ટેશન.** **—વૈદ્ય બળવંતરાય ઝવેરીલાલ.**
બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વે.

# स्वीकार अने समालोचना.

**પ્રાકૃત માર્ગોપદેશિકા**—( કર્તા પંડિત **બહેચરદાસ જીવરાજ**. પૃ. ૧૪૮×૩૦ **ધર્માભ્યુદય પ્રેસ બનારસ**. મૂલ્ય રૂ. ૦-૧૨-૦ ) જૈન શાસ્ત્રો પ્રાકૃત ભાષામાં હોવાથી પ્રાકૃત-માગધી ભાષાના અભ્યાસની જરૂર અત્યંત છે, પરંતુ અદ્યાપિ પર્યંત પ્રાકૃતભાષાનો અભ્યાસ કરવા માટે મુખ્ય સાધન તેનું સરલ વ્યાકરણ કે માર્ગબોધક પુસ્તક ન હોવાથી તે દુર્ગમ્યજ રહેતી. આ પુસ્તક થવાથી તે ભાષા શીખવામાં ઘણી સરલતા થઇ છે. પ્રાકૃતભાષાનાં અનેક વ્યાકરણો હૈમાદિ હતાં, પરંતુ તેને આજના જમાનાની પદ્ધતિપર સરલતાથી ઉતારવાં એ ઘણી વિકટ વાત હતી, અને તેમ છતાં કર્ત્તાએ જે અથાગ મહેનત અને સૂક્ષ્મતા વાપરી આ પુસ્તક રચ્યું છે તેને માટે ખરેખર અમો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. અમોને સ્મરણમાં છે કે ડાકટર **ભાંડારકરની** સંસ્કૃત માર્ગોપદેશિકાની શૈલીએ અંગ્રેજીમાં પ્રાકૃત માર્ગોપદેશિકા કરવા માટે સદ્‌ગત શેઠ શ્રીમાન્ **અમરચંદ** તલકચંદે ડાકટર હર્મન જેકોબીને ખાસ વિનતિ કરી હતી અને તે માટે સર્વ સાધન ( આર્થિક આદિ ) પૂરાં પાડવાનું કહ્યું હતું; પરંતુ તેની રચના સંસ્કૃત શીખેલાને માટે થઇ શકે તેમ હતું તેથી તે કાર્ય પડતું મૂકાયું હતું. જ્યારે કર્ત્તાએ ગુજરાતીમાં આ પુસ્તક પ્રકટ કરી ગુજરાતી શીખેલાને પ્રાકૃત શીખી શકાય તેમ કર્યું છે અને અંગ્રેજી માર્ગોપદેશિકા માટે માર્ગ ખુલ્લો કરી આપ્યો છે. આ ગ્રંથનો મુખ્ય આધાર સિદ્ધહેમ વ્યાકરણ છે, અને શૈલી નવી અને જમાનાને બરની વાપરી છે તેથી આ ગ્રંથ ઘણો લોકપ્રિય અને દરેક શાળામાં ચલાવવા યોગ્ય થયો છે. આપણી સર્વ પાઠશાળાઓમાં પ્રાકૃત ભાષાનું જ્ઞાન આવશ્યક નીવડે અને તે માટે આ ગ્રંથનો આદરસહ ઉપયોગ થાય એમ અમે ઇચ્છીએ છીએ.

આ ગ્રંથની અંગ્રેજીમાં આવૃત્તિ થવાની ઘણી જરૂર છે, અને જો કોઈ જૈન વિદ્વાન્ તે કાર્ય ઉપાડી લેશે તો તે પૂર્વ તેમજ પશ્ચિમના વિદ્વાનોમાં ખાસ આવકારદાયક થઇ પડશે.

અમે આ પુસ્તક અંગે થોડી નમ્ર સૂચના કરીએ છીએ કે આમાં જે જે વાક્યો અને ગાથાઓ આપેલી છે તેને બદલે જો આપણા પવિત્ર આગમોમાંથી વાક્યો અને ગાથાઓનો છૂટથી ઉપયોગ કરવામાં આવ્યો હોય તો તે બહુ ઉપયોગી અને પ્રસ્તુત થઇ પડશે. આગમની ભાષા પ્રાચીન હોવાથી તેમાં કદી હાલના વ્યાકરણ નિયમને તદ્દન અનુરૂપતા માલૂમ ન પડે તો તે કઇ રીતે છે એટલે શૌરસેની પૈશાચી આદિ ભાષાના નિયમે અનુરૂપ થાય છે એમ ફુટનોટમાં આપી સમજાવી શકાત. બીજી વર્દ્ધિત આવૃત્તિમાં આ સંબંધે ખાસ લક્ષ આપવામાં આવશે એવી આશા છે.

બનારસ જૈન પાઠશાળા અંગે થયેલ ખર્ચના પરિણામે જોકે એકાદ બે કર્ત્તા જેવા પંડિત પાકે અને તે પંડિતની વિદ્વત્તા આવા કાર્ય નિપજાવવામાં પરિણમે એ ખરેખર પાઠશાળાને ઉત્તેજન આપવામાં ઠીક નિમિત્તરૂપ થાય તેમ છે. હવે પછી કર્ત્તા મંદિરાંતઃ પ્રવેશિકા આદિ ઉંચા દરજ્જાનાં પુસ્તકો પણ પ્રાકૃત માટે રચવા પોતાના પરિશ્રમને દોરશે.

**જૈન હિતૈષી**--ચૈત્ર વૈશાખ વીરાત્ ૨૪૩૯ પુ. ૯ અંક ૬-૭. તંત્રી શ્રીયુત નથૂ-

રામ પ્રેમી. આ દિગંબરીય માસિકપત્ર છે અને તે હિંદી ભાષામાં પ્રગટ થાય છે. પેપર તથા છાપ સારા અને સુંદર છે એટલુંજ નહિ પરંતુ તેમાં આવતી વસ્તુઓ તેના કરતાં વધુ સુંદર છે. તંત્રી મહાશય એક સુંદર લેખક, સાહિત્યાભિલાષી છે એટલુંજ નહિ પરંતુ ઉદાર વૃત્તિના અને દરેક સંપ્રદાય તરફ પ્રીતિ રાખનારા છે. તેમણે આ માસિક કે જે મૂલ દિગંબર સંપ્રદાય સંબંધી મર્યાદિત હતું તે સર્વ સામાન્ય જૈનધર્મ-સાહિત્ય-ઇતિહાસ-સમાજ સંબંધી લેખો ઉત્તમ અને સુંદર પૂરા પાડવાનો ઉદ્દેશ સાચવતું જણાય છે જાણી અમોને અત્યંત આનંદ થાય છે અને આજ પ્રણાલિકા કાયમ રહેશે એમ અમે ઇચ્છીએ છીએ.

આ અંક આખો ઘણા ઉપયોગી અને મનનશીલ લેખોથી ભરપૂર છે. અગ્રલેખ જૈન ધર્મ પ્રસાર કૈસે હોગા ? અને જૈનિયોંકા અત્યાચાર બહુજ વિચારવા યોગ્ય છે અને તે માટે તેના લેખક મહાશયોને ધન્યવાદ આપીએ છીએ. 'હમારા ભ્રમણ'માં ચંદેરી ગામનું વર્ણન ઠીક છે પણ 'તીર્થપર્યટન'માં ગિરનાર આદિ તીર્થનું વર્ણન મનોરમ્ય અને સુરેખ છે. પ્રો. સતિશચંદ્ર વિદ્યાભૂષણના અંગ્રેજી પુસ્તકનો અનુવાદ નામે જૈન લૉજીક ( ન્યાય ) બંને શ્વે. દિ. સંપ્રદાયને લગતો હોઇ ખાસ ધ્યાન લેવા યોગ્ય છે. ધર્મ એ નામનો લેખ પણ મૂળ વિદ્વાન્ જૈન લેખકના અંગ્રેજી લેખનો સારો અનુવાદ છે. મહાજનોકે મરણ સમયકે વચન એ સ્થાનકવાસી માસિક નામે 'જૈન હિતેચ્છુ'માંના ગુજરાતીનો હિંદી અનુવાદ પણ યોગ્ય છે. આ સિવાય 'સદ્ધર્મસંદેશ' નામની કવિતા એટલી બધી શૌર્ય અને વેગથી ભરિત છે કે જે કંઠસ્થ કરવા યોગ્ય છે, અમે તેટલા માટે ગયા પર્યુષણના અંકમાં અક્ષરશઃ આપી છે. આ ઉપરાંત ઋણશોધ નામની કથા આનંદ આપનારી છે, અને સંપાદકીય ટિપ્પણિયાં જુદા જુદા દૃષ્ટિબિંદુથી કરવામાં આવી છે. ઐતિહાસિક વિષય નામે મહારાષ્ટ્ર ઔર કર્નાટકકે જૈન રાજવંશ સારી રીતે માહોતી આપે છે કે પૂર્વે થોડા સૈકા પહેલાં જૈન રાજાઓ વિદ્યમાન હતા. આ સિવાય પુસ્તક સમાલોચન અને વિવિધ સમાચાર ઉપયોગી છે.

આમ દરેક લેખ પોતપોતાની ઉપયોગિતા અને યોગ્યતા સૂચવે છે. એક એવો વિષય નથી કે જે આપણું ધ્યાન ન ખેંચે. સર્વ દિગંબર સંપ્રદાયના પત્રોમાં આ પત્ર ઉત્તમ છે એટલુંજ નહિ પરંતુ તેના જેવી શૈલિ અને લેખન શક્તિ અન્ય સંપ્રદાયના પત્રોમાં બહુ ઓછી છે.

આ માસિકનું લાક્ષણિક ચિન્હ એ છે કે તેમાં એક કથા, પુસ્તકનું અવલોકન, વિવિધ સમાચાર અને અધિપતિની નોંધ અવશ્ય આવે છેજ અને તે ઉપરાંત તેનામાં રહેતો સ્વાતંત્ર્યનો જુસ્સો, તેમજ મતસહિષ્ણુતા ખાસ પ્રશંસાને પાત્ર છે. અન્ય જૈન સંપ્રદાયના માસિકમાં જે ઉત્તમ લેખ ગણાય તેનો હિંદી અનુવાદ કરી આ પત્ર પોતામાં સ્થાન આપે છે, એટલુંજ નહિ પરંતુ જૈન અને જૈન ધર્મને લગતું બીજું જે જે ભાષાસાહિત્યમાં પ્રાપ્ત થાય તે તે ભાષામાંથી-સાહિત્યમાંથી લઇ ઉપયોગી વાંચન પૂરૂં પાડે છે. આવું સ્વાતંત્ર્ય અને **મતસહનશીલતાનું** અનુકરણ ધીમે ધીમે થવા લાગ્યું છે જોઇ આનંદ થાય છે.

આ હૅરલ્ડ પત્રના સં. ૧૯૬૮ ના પર્યુષણ અંકમાં 'અમે કયે રસ્તે જઇશું ?' એ **સમયધર્મ**ના Masterpiece લેખનો ઉતારો આ માસિકે કર્યો ત્યારથી આ પત્રમાં પ્રોત્સાહ, શૌર્ય સ્ફુરણા અને જુસ્સો વધુવધુ પ્રમાણમાં જોવામાં આવે છે. આ પત્ર વધુવધુ વિસ્તાર પામે. અને જનસમાજ તેનો લાભ લેતીજ રહે એમ અમે ઇચ્છીએ છીએ.

**જીવંધર ચરિત્ર** —યા ક્ષત્રચૂડામણિ. પ્ર. મુલચંદ કસનદાસ કાપડીઆ. તંત્રી દિગંબર જૈન સુરત. આ દિગંબરીય ચરિતાનુયોગ ગ્રંથ **વાદિભસિંહસૂરિ** કૃત સંસ્કૃત કાવ્યના હિંદી પરથી ગુજરાતી અનુવાદ છે. અનુવાદ ડો. **ભાઇલાલ** કપુરચંદ **શાહે** એકંદરે સારો કરેલ છે. આંમાં જીવંધરકુમાર અને પછી સ્વામી ૧૦ કરતાં વધુ સ્ત્રીઓ કેવા કેવા સંજોગોમાં કેવા પરાક્રમથી પરણે છે, અને પોતાના પિતાને મારી રાજ્ય લઇ લેનાર કાષ્ઠાંગારની પાસેથી મોટો થઇ રાજ્ય લે છે અને પછી ભાગવતી જૈન દીક્ષા લે છે તે બતાવ્યું છે. શૈલિ પૂર્વની કથા શૈલિને મળતી છે, અને આમાં શ્વેતાંબરીય શ્રીપાલચરિત જેવું ભાન થાય છે, પરતુ આમાં વિશેપ અને ખાસ લાક્ષણિક જે છે તે એ છે કે દરેક સંજોગ અને નાના નાના પ્રસંગોમાંથી પણ કાંઇને કાંઇ લેવા જોગ બોધ આપ્યો છે. આવા બોધોનો સંગ્રહ સંસ્કૃત અને તેના ગુજરાતી અર્થ સાથે થાય તો ઘણો ઉપયોગી થઈ પડે તેમ છે. આના ઉદાહરણમાં ખાસ ચુંટેલો નીચે આપીએ છીએ.

"ત્યાર પછી સ્વામી ત્યાંથી ચાલીને કોઇ બાગમાં ગયા, કારણ કે મન ઘણું કરીને એવી વસ્તુ જોવાની ઉત્કંઠા કરે છે કે જેને તેણે પહેલાં દીઠી હોય નહિ. તે બગીચાના આંબાના ફળને કોઈ પણ મનુષ્ય ધનુષ્યથી પાડી શકતો નહોતો. ઠીકજ છે કે જે મનુષ્યોમાં શક્તિ હોતી નથી, તેમને સહજ કામ કરવું પણ કઠણ લાગે છે. પરંતુ સ્વામી તે ફળને પોતાના બાણથી છેદીને બાણની સાથેજ લાવ્યાઃ અર્થાત્ તે કેરી તેમના બાણમાંજ છેદાઇને ચાલી આવી, કારણકે પ્રત્યેક કાર્યમાં એવો ઉત્સાહ કરનાર પુરૂષજ ઇચ્છિત ફળને પામે છે. આ કામ જોઈને જેનું બાણ નિશાનપર લાગ્યું નહોતું તેને બહુ આશ્ચર્ય લાગ્યું, કારણકે ઉત્તમ કામ અશક્ત પુરૂષોને આશ્ચર્યકારકજ લાગે છે." પૃ. ૭૪.

ભાષા સરલ છે, લીપિ બાલબોધ અને સારા ટાઈપમાં રાખેલી છે તેથી દરેકને ઉપયોગી થાય તેમ છે. પેપર અને છાપણી પણ સારી છે અને દિગંબર જૈન માસિકના તરફથી ભેટ આપવામાં આવી છે. ( આ માસિક ભેટ આપવાનું સાહસ સારૂં ખેડે છે ) અને બીજાને માટે કિં. ૮ આના છે તે વધુ નથી. શ્રીયુત ઠાકોરલાલે પોતાના પિતા સ્વ. ભગવાનદાસ કોદરજીના સ્મરણાર્થે આ પુસ્તકો છપાવવાનો પ્રબંધ કર્યો છે તે સ્તુત્ય છે.

**સ્ત્રી સુબોધમાળા.** અથવા સંસાર સમુદ્રની નૌકા. કિ. ત્રણ આના પૃ. ૬૮.

**પ્રાણીપોકાર**—કિં. અમૂલ્ય. પૃ. ૬૦.

**વૈરાગ્યતરંગ ભક્તિમાળા**—કિં. ૬ આના પૃ. ૨૧૦. ત્રણેના કર્તા. **સાંકળચંદ પિતાંબરદાસ શાહ.**

**સ્ત્રી** સુબોધમાળા એ પુસ્તક ગરબાવળીરૂપ છે, અને તેમાં જુદા જુદા નીતિ, સદાચાર, ગૃહસંસાર આદિને લગતા વિષયોપર ગરબા ગરબી કરી સામાન્ય શિક્ષણને ઉપયોગી પુસ્તક કર્તાએ પૂરૂં પાડયું છે. આખા પુસ્તકનું અવલોકન કરતાં જણાય છે કે કર્તાને શિક્ષક તરીકેનો અનુભવ હોવાથી બહુ સરલ અને સચોટ બોધ આપનાર કાવ્યો કરેલ છે કે જે સર્વ જૈન કન્યાશાળાઓમાં ચલાવવા ઘટે છે. કર્તાને વિશેષ માન એ માટે ઘટે છે કે જૈનેતર સમર્થ વિદ્વાનો નામે પ્રોફેસર ધ્રુવ, રા. બ. રમણભાઇએ ઉત્તમ અભિપ્રાય આપેલ છે, અને વડોદરા રાજ્યમાં ઇનામ માટે મંજૂર થયેલું છે. આવા સરલ અને યોગ્ય પુસ્-

કોને દરેક **જૈન** ગૃહસ્થે પોતાનો ગૃહસંસાર સુધારવા માટે પોતાની કન્યાઓ તેમજ સ્ત્રીના હસ્તમાં આપી ઉત્તેજન આપવું ઘટે છે. આ દરેક જૈન કન્યાશાળાઓમાં ટેક્ષ્ટબુક તરીકે તેમજ બાળાઓને ઇનામ આપવા માટે તેમજ દરેક ગૃહ તેમજ જાહેર લાયબ્રેરીમાં રાખવા માટે યોગ્ય છે.

વિષયોની ખિલાવટ, ચુંટણી બહુ મધુર છે, 'સાસરે જતી દીકરીને માની શિખામણ' એની ૧૩ ગરબીઓ સમજવા જેવી છે; વળી અક્ષરોનું જ્ઞાન થાય, કસરતને ઉપયોગી થાય તેવી ટુંક સરલ કવિતાઓ મૂકવામાં આવી છે.

**પ્રાણીપોકાર**—દરેક પ્રાણધારી જીવ,-મનુષ્ય પશુ, પંખી આદિની ઉપયોગિતા આ વિશ્વની ઘટમાળમાં અવશ્ય છેજ, છતાં જ કોઇ તેનો વિનાશ કરે, અગર કરવાની અનુમોદના આપે તેને દરેક પ્રાણી પોતાનો નમ્ર પણ દયાજનક પોકાર કરી પોતાની જરૂર સમજાવે છે. આ પોકાર કવિતામાં આપતાં કંઇ વિશેષ અસર કરે છે. આવા ભાવનું એક ટુંકું કાવ્ય હમણાંની નવી વાંચનમાળામાં 'પશુમાં પડી એક તકરાર' એ શબ્દોથી બહુ સુયોગ્યતાથી મૂકાયું છે. આમાં આ ભાવ બહુ લંબાણથી આપવામાં આવ્યો છે એ દરેક સહૃદયને કોમળ, દયાળુ બનાવશે. થોડાંક કાવ્યો લઇએ.

કહે **ગાય** ન ખાઉં હરામ ધણીનું ખાણું,
બમણું ત્રમણું આપું દહીં દૂધ ઘી નાણું,
હું બળદ પુત્ર આપું જગજીવન દોરી,
તોય કસાઇ લે મુજ પ્રાણ ન મૂકે કોરી.
કહે **પાડો** પખાલ વહન કરી કરૂં ખેતી,
મુજ મહિષી દહીં દૂધ ઘીથી જીવન દેતી,
પણ નિર્દય દેવી દ્વાર ભોગ મુજ આપે,
જાતર નવરાત્રિ દશરાને દિન કાપે.

આવાં પુસ્તકો જીવ દયાના શિક્ષણના પ્રચાર અર્થે ઉપયોગી છે, અને તેથી તેવા ખાતાંએ આનો ફેલાવો કરવામાં જરૂર જાઈ છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. આ **અમદાવાદ** મુનિશ્રી **હંસ**વિજયજી લાયબ્રેરી ગ્રંથમાલામાં ૪ થું પુસ્તક છે આમાં છેલ્લે કરેલ સમાલોચના પણ વાંચવા જેવી છે. એકંદરે કવિ સાંકળચંદની કૃતિ પ્રશંસા અને ઉત્તેજનને પાત્ર છે.

**વૈરાગ્યતરંગ ભક્તિમાળા.** આમાં જુદા જુદા વિષયો પસંદ કરી તે પર રચેલી કવિતાઓ છે, તે તે સામાન્ય જનોને બોધ આપે તેવી છે. રાગ રાગણીની ચુંટણી પણ સામાન્ય જનોને આવડે તેવી જ કરી છે. આમાં ખાસ કરી જીવાજીનો પત્ર, કામ જીત્યો તેણે સર્વ જીત્યું, જૈનીઓની ઐક્યતા થવાની યોજના, જૈનોન્નતિના વિચાર વગેરે પર જે વિચારો મૂક્યા છે તે અસરકારક અને જાણવા જેવા છે. કવિ **સાં**કળચંદ પોતે દલપતશાહી શાળાના ઉપાસક હોઇ સામાન્ય જનોનાં મન રંજન કરનાર સભારંજની કવિતાઓ સારી રીતે પૂરી પાડી શકે તેમ છે, અને તેમણે કોન્ફરંસની બેઠકોમાં એક વખત કવિતાઓ પૂરી પાડી છે. આ સંબંધે થોડા એક નમુના આપીશું.

ધાર્મિક વ્યવહારિક આપો, જ્ઞાન સંતતિને ભલું,
નીતિ સાથ શિક્ષણ આપીએ, નિજ પુત્રીઓને નિર્મળું.
ભાવી પ્રજા પર છાપ પડશે, માત સદ્‌ગુણની મુદા;
**તો જાય અવનતિ, થાય ઉન્નતિ જૈન બંધુની સદા,**
વૃદ્ધ બાળ લગ્ને દાટ વાળ્યો, દેશ ને નિજ જાતમાં,
નિજ પુત્રી વેચે નીચ કાળ, કસાઈ કુડા ઘાટમાં.
ભુંડાં ફટાણાં લગ્ન ટાણે, ગાય નહિ બ્હેનો કદા; **તો જાય**૦
દિન એકના વાળુ વિષે, લખલૂટ ખરચ ન વાવરો,
દીન જૈનબંધુ ઉદ્ધરો, એ સ્વામીવત્સલ છે ખરો.
કુસંપ કજીઆ ભિન્નતા તજિ, એકતા સૌ આદરો
કોન્ફરંસ હેતુ સફળ કરવા, અમલ આજ્ઞાનો કરો;
શ્રીમાન દીનનું ભાન લાવે હૃદય કોમળમાં મુદા. **તો** જાય૦

\+ + + +

આવા સામાજિક બોધ ઘણે સ્થળે આપવામાં આવ્યા છે, તો તેને વૈરાગ્યતરંગ એ નામથી પુસ્તકની ઓળખાણ આપવી સુયોગ્ય ન કહેવાય; છતાં જીવાજીનો પત્ર વગેરે બહુ થોડા તોપણ થોડાક વૈરાગ્યના રસથી ભરેલ છે.

અપ્પા જો નિજ સ્વરૂપ વિચારી, સબ જૂઠી દુનીયાંદારી–
તન રથ મનજી સારથી ખેડે, રાયજીએ કરી સ્વારી,
જ્ઞાન લગામથી ઇંદ્રિય હયપર, કાબુ રાખો ભારી–
આતમ રાજા અનુભવ તાજા, જો નિજ નયન ઉઘાડી,
સહજ કલાનિધિ કોઇ ન સાથી, પુણ્ય પાપ દોય લ્હારી–

**मनुष्याहार. ( प्रकाशक–भारत जैन महामंडल. ललितपुर पृष्ठ ३६. मूल्य. दयाकरना )** આ લંડનના Herald of the golden age નામના પત્રના તંત્રી મી. સિડની એચ. બિયર્ડ કૃત Thet estimony of science in favour of natural human Diet' કુદરતી અને મનુષ્યનો ખરો ખોરાક કયો હોવો જોઇએ તેને માટે 'વૈજ્ઞાનિક સાક્ષી' એ પુસ્તકનો હિંદીમાં અનુવાદ છે. આપણું જીવ દયા પ્રસારક મંડળ આવાં આવાં પુસ્તકો છાપી છપાવી તેને માંસાહારી લોકોમાં છૂટથી વહેંચી તેઓની બુદ્ધિને બરાબર સમજાવી તેમના તરફથી સહાનુભૂતિ ઉત્તેજન અને સંમતિ મેળવે છે. મૂળ અંગ્રેજી પુસ્તક તે મંડળ છૂટથી વહેંચે છે. આ રીતે હિંદી ભાષામાં કંઇપણ થવું જોઇએ એ *સ્તુત્ય આશયથી* ભારત જૈન મહામંડળે આવા પુસ્તકો તૈયાર કરી પ્રસિદ્ધ કરવાનું માથે લીધું છે એ જાણી અમે ઘણા ખુશી થઇએ છીએ. પુસ્તક બહુ સારૂં છે અને તેમનો અનુવાદ પણ અચ્છી રીતે રા. દયાચંદ્ર જૈન નામના ગ્રેજ્યુએટ મહાશયે કરેલ છે. આવી પ્રવૃત્તિને ઉત્તેજન આપનાર દિગંબરી શેઠ લક્ષ્મીચંદજીને ધન્યવાદ ઘટે છે.

**कलियुगकी कुलदेवी—प्रकाशक रा० मूलचंद किसनदास कापडीआ संपादक दिगंबर जैन सुरत. मूल्य सद्वर्तन पृष्ठ. ३२. )** આ હિંદી ભાષામાં છે. ઉત્તર હિંદુસ્તાનમાં સારા પ્રસંગોએ પ્રભુની ભક્તિ કરવાને બદલે વેશ્યાઓના નાચપર આસક્તિ જોવામાં બહુ આવે છે, તેથી તેમને કલિયુગની કુલદેવી કહી આ નાના પુસ્તકમાં તેપર વિસ્તારથી વિવેચન અને તિરસ્કાર બતાવેલ છે. તેમાં સત્ય રીતે જણાવેલ છે કેઃ—

જૈસી ભક્તિ હરામસે, ઐસી હરિસે હોય,
ચલા જાય વૈકુંઠમેં, પલ્લા ન પકડે કોય.

આમ છતાં વેશ્યા કે જે ખરેખર રાક્ષસી છે કારણકે

**दर्शनात् हरते चित्तं, स्पर्शात् हरते बलम्।**
**भोगनात् हरते वीर्यं वेश्या साक्षात् राक्षसी ॥**

છતાં આજના શ્રીમંતો તેમનાપર આતુર થઇ અશુભ કર્મના બંધના ભાગી થાય છે, એ ખરેખર અફસોસ કરાવે છે. તો છેલ્લા શબ્દો લઈ કહીએ તો 'જે જે હાનિઓ વેશ્યાથી છે તે પરસ્ત્રીથી છે. ભેદ એટલોજ છે કે પરસ્ત્રી વિવાહિત સ્ત્રી છે, કે જે એકવાર એક પુરૂષનો સ્વીકાર કરી તેના તાબામાં આવી ચૂકી છે, જ્યારે વેશ્યા અવિવાહિત સ્વતંત્ર સ્ત્રી છે, કે જે કોઇના તાબામાં આવી નથી તેમજ આવવાની નથી. આજ બંનેમાં અંતર છે. પાપ તો બંનેથી સરખું છે. આ માટે **गतं न शोचामि**નું ચિંતવન કરી શીઘ્ર પોતાના પ્રધાનભૂષણ શીલને ધારણ કરો અને સદાચારમાં વૃદ્ધિ કરો.'

**सार्वधर्म ( लेखक पंडित गोपालदासजी बरैया प्रसिद्धकर्ता श्री तत्त्वप्रकाशिनी सभा इटावा पृष्ठ ५५ मूल्य लिखा नहि. )**

આ નામનો હિંદી નિબંધ બહુજ બુદ્ધિપૂર્વક વાંચી સમજવાનો છે. વિષય એ છે કે જૈનધર્મ એ સાર્વધર્મ-Universal religion હોવાની યોગ્યતાવાળો છે, અને તે કઈ રીતે તે ન્યાયશાસ્ત્રથી સ્ફુટ રીતે સમજાવ્યું છે અને તેથી આ સમજવા માટેનો અધિકારી ન્યાયશાસ્ત્રનો અભ્યાસી છે. આજકાલ કોઇને એમને એમ કહેવું કે અમારો ધર્મ સર્વ જગતને માન્ય થઈ શકે તેવો છે તો કોઇ પણ અંધશ્રદ્ધાથી માની લે તેમ નથી; તેને ન્યાયની રીતિએ દાખલા દલીલથી બતાવી આપવાથી સમજાવી શકાય તેમ છે. લેખક એક દિગંબરી વિદ્વાન્ પંડિત છે, અને તેમણે જે વિદ્વતાથી આ નિબંધ લખ્યો છે તેને માટે ખરેખર તે માનને પાત્ર છે. આ નિબંધ સર્વ જૈનભાઇઓએ અવસ્ય અવલોકવા યોગ્ય છે.

**મ્હારી યાત્રા.** ( લેખક પ્રકાશક રા. ભોગીલાલ સાંકળચંદ વ્હોરા. કોરોનેશન પ્રેસ મુંબઇ મૂલ્ય ભેટ ) આમાં લેખક પોતે જાત્રાપર નીકળી પોતે જે જે તીર્થની ભેટ લીધી છે તે તે તીર્થનું વર્ણન આપેલ છે કે જેથી બીજા યાત્રાળુઓને તેથી કંઇક વધારે સુગમતા મળે. કુલે ૯૨ તીર્થ અને શહેરનાં વર્ણન છે. ભાષા સાદી ને કેટલીક વખત ગ્રામ્ય છે અને વર્ણન શૈલી ઘણીજ સામાન્ય છે. ઘણે સ્થળે નિરર્થક પિંજણ કર્યું છે અને આત્મવૃત્તાંતથી નકામાં પાનાં ભર્યાં છે. આપણામાં યાત્રાનાં વર્ણનો રસીલી મધુર ભાષામાં, તીવ્ર અભ્યાસવાળાં, જાણવા યોગ્ય હકીકતવાળાં અને તે પર ઉપજતાં સુંદર અને બોધક વિચા-

રવાળાં બીલકુલ જોવામાં આવતાં નથી એ ખરેખર ખેદનો વિષય છે. 'વસંત' નામના વિદ્વત્તાપૂર્ણ માસિકમાં મારી દક્ષિણની યાત્રા, વગેરે જેવા લેખો આપણા વિદ્વાનો તરફથી લખી પ્રસિદ્ધ કરવામાં આવે એ ઘણુંજ જરૂરનું છે. આવા આવા લેખો વધુ પ્રમાણમાં થાય તો એક સારૂં સાધન યાત્રાળુઓને આપી કલ્યાણ સાધી સધાવી શકાય છે, અને છેવટે તેનું પૂર્ણ જોઇતી માહીતીવાળું પુસ્તક બનાવી શકાય તેમ છે. હમણાં શ્રીયુત મોતીચંદભાઇ મેવાડનાં તીર્થો સંબંધી 'પ્રકાશ'માં લખે છે પણ તે તે વિદ્વાન્ લેખક તરફથી જેવું લખાવાની આશા રાખી શકાય તેવું તો નથી. આવાં કેટલાંક પુસ્તકો નામે જૈનતીર્થ ગાઇડ, જૈનતીર્થાવળી પ્રવાસ વગેરે બહાર પડેલ છે અને કોઇકોઇ અપેક્ષાએ તે ઠીક છે, અને તેમાં આ પુસ્તકથી એક વધારો થયેલ છે. જૈન પત્રના ગ્રાહકોને આ પુસ્તક ભેટ આપવાની ઉદારતા બતાવવા માટે લેખક માનને પાત્ર થયા છે.

## પહોંચ.

આર્ય પ્રકાશ મહર્ષિ અંક. સં. ૧૯૬૯. ( તંત્રી શ્રીયુત પરધુભાઇ મરધુભાઇ વ. શર્મા તરફથી ); શેઠ કુંવરજી આણંદજી તરફથી પરિશિષ્ટ પર્વ અને સ્થૂલિભદ્ર ચરિત્ર. મુંબઇના જાણીતા બુકસેલર મેઘજી હીરજી તરફથી ૧ ઋષિદત્તા અથવા વશીકરણ મંત્ર લે. વાડીલાલ મોતીલાલ શાહ. રૂ. ૦ા ૨ જૈન દર્શનનાં મૂળતત્ત્વો લે. હીરાચંદ લીલાધર ઝવેરી, રૂ ૦ા ૩ વનિતા વ્યાખ્યાનમાળા લે. રત્નસિંહ નેણશી રૂ. ০)= ૪ સુભદ્રા લે. દુર્લભજી ત્રિભુવનદાસ ઝવેરી ০)≡. ૫ આત્મશક્તિનો ઉદય લે. મુનિમહારાજ શ્રી ચારિત્ર વિજયજી ০)≡ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ તરફથી Karma Philosophy by late Virchand R. Gandhi, edited by Bhagu F. Karbhari Price annas Five.

નીચેના માસિક પત્રો વિગેરેની તથા પુસ્તકોની પહોંચ ઘણા માન સાથે સ્વીકારીએ છીએ,

આનંદ પુ. ૧૦ અં. ૯ થી ૧૨ અને પુ. ૧૧ અં. ૧, બુદ્ધિપ્રકાશ પુ. ૬૦ અં. ૯-૧૦, દિગંબર જૈન પુ. ૬ અં. ૧૨ અને પુ. ૭ અં. ૧ જૈનહિતૈષી પુ. ૯ અં. ૧૦-૧૧, ગુજરાતશાળાપત્ર પુ. ૫૨ અં. ૯-૧૦, આત્માનંદપ્રકાશ પુ. ૧૧ અં. ૩ થી ૪, જૈનહિતેચ્છુ પુ. ૧૫ અં. ૧૧, વૈશ્યપત્રિકા પુ. ૧૦ અં. ૧-૨, જૈનધર્મપ્રકાશ પુ. ૨૯ અં. ૬ થી ૮, બુદ્ધિપ્રભા પુ. ૫ અં. ૬-૭, કેળવણી પુ. ૨૬ અંક ૨ થી ૪, સત્ય પુ. ૩ અં ૪-૬, સાહિત્ય પુ. ૧ અં. ૧૦-૧૧ પુષ્ટિભક્તિસુધા પુ. ૪ અં. ૫-૬, શ્રી ભક્ત પુ. ૧૦ અં. ૨-૩, **वन्दे जिनवरम्** पु. अं, ७, સુંદરી સુબોધ પુ. ૧૧ અં. ૧-૨, Jain Gazette Vol No 6-10, વસંત પુ. ૧૨ અં. ૭-૮, વાર્તાવારિધિ પુ. ૫ અં. ૪-૫.

# कॉन्फरन्स मिशन.

## श्री सुकृत भंडार.

(સંવત ૧૯૬૯ ના ભાદરવા શુ. ૧ થી આસો વદ ૩૦ તા. ૧-૯-૧૩ થી ૩૦-૧૧-૧૩)
વસુલ આવ્યા રૂ. ૨૬૯-૪-૦ ની વીગત. ,, ગયા માસ આખરના વસુલ રૂ. ૨૪૫૩

**(૧) ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ**—ઉ. ગુજરાત.
સરીયદ ૨૫I, વાંસા ૧૧, રામપરા oII, વાયડ ૨II, રાનેર ૧૨II
સમૌ ૧૯, ઝાબડીઆ ૩II, લુણપર ૯I. કુલ રૂ. ૮૩-૧૨-૦

**(૨) મી. અમૃતલાલ વાડીલાલ**—કડી પ્રાંત
મોટીદાઉ ૧૨II, બામસણા ૫II, પીલોદરા ૧, પુંદગામ ૩I,
વાલમ ૭I, કલાણા ૧oII, મેસર ૧oII, કુલ રૂ. ૫૦-૮-૦

**ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ**—પાલણપુર ઠલાકો.
વડગામ ૩૮I, અલુવા ૭, સાદરા ૧૬ કુલ રૂ. ૬૧-૪-૦

**(૪) આગેવાનોએ**—પોતાની મેળે મોકલાવ્યા.
બારામતી-રૂ. ૫ શેઠ સવાજી માલાજી, મુંબઈ રૂ. ૫ બાઇ દીવાળી ગોરધનદાસ,
વેરાવળ—રૂ. ૬ ૩II શેઠ ખુશાલચંદ કરમચંદ કુલ રૂ. ૭૩-૧૨-૦

એકંદર કુલ રૂ. ૨૭૨૨-૪-૦

## उपदेशकोनो प्रवास.

**ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ**—

**રામપરા**—જીવહિંસા તથા માંસ ભક્ષણ ઉપર ભાષણ આપતાં હાજર રહેલા ઠાકરડાઓએ તે બંને બાબત ન કરવા પ્રતિજ્ઞાઓ લીધી.

**વાયડ**—જીવદયા સંબંધી ભાષણ આપતાં ઘણા મુસલમાન ભાઈઓએ હિંસા ન કરવા તથા દારૂ, માંસ વગેરે ન વાપરવા સોગન ખાધા.

**રાનેર**—નવરાત્રીમાં પશુવધ ન કરવા સંબંધી ભાષણ આપતાં ઠાકરડાઓએ સોગન લીધા કે જીવહિંસા, માંસ ભક્ષણ વગેરે કરવું નહિ.

**સમૌ**—હાનિકારક રિવાજ, જીવદયા વગેરે વિષયો સંબંધી મુનિમહારાજશ્રી જીતવિજયજીના રૂબરૂ ભાષણ આપતાં તેની સારી અસર થઈ છે.

**લુણપર**—જીવહિંસા, માંસ ભક્ષણ વગેરે વિષયો સંબંધી ભાષણો આપતાં ઘણા ઠાકોરોએ બંધ કરવા આતુરતા બતાવી પોતાનાં નામ જાહેર કર્યાં.

ઉપરના ગામોમાં પ્રતિજ્ઞા લેનારાનાં નામ કોન્ફરન્સ ઓફીસમાં છે.

**ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ,**

**મેમદપુર**—કન્યાવિક્રય, શિયળ, મૃત્યુ પાછળ રડવું કુટવું વગેરે હાનિકારક રિવાજો ઉપર ભાષણો આપતાં સૌને ઘણીજ સારી અસર થઇ છે. અને કોન્ફરન્સના ઠરાવોનો અમલ કરવા ધ્યાન આપવા નક્કી કર્યું.

**અલુવા**—દિગંબર જૈન બંધુઓની સાંતમી બેઠક પ્રસંગે ઐકતા, બાળ લગ્ન વૃદ્ધ વિવાહ, કન્યાવિક્રય, જીવદયા વગેરે વિષયો ઉપર ભાષણો આપતાં ઘણો આનંદ થયો છે. અને **ઠાકોરશ્રી ભારતસિંહજી**એ જીવહિંસા ન કરવા પ્રતિબંધ કર્યો છે. તેવો લેખીત પત્ર કોન્ફરન્સ ઓફીસને મોકલાવેલ છે.

સાદરાના વકીલ રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ તરફથી સદરહુ ઉપદેશકને સર્ટીફિકેટ મળ્યું છે.

# श्री जैन श्वेतांबर कॉन्फरन्स निराश्रित फंड.

કૉન્ફરન્સ ઓફીસ તરફથી નિરાશ્રિતોને મદદ આપવામાં આવે છે. અને તે પ્રમાણે બહાર ગામના નિરાશ્રિતોને માસિક મદદ લગભગ રૂ. ૬૦ મોકલાય છે. સંવત ૧૯૬૯ની સાલમાં આ ખાતામાં નીચેના ગૃહસ્થો તરફથી કુલ રૂ. ૧૦૮૮ મળ્યા છે તે ઉપકાર સાથે સ્વીકારીએ છીએ.

૭૧૪ શ્રી જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયા. મુંબઇ.
૫૦ શેઠ કલ્યાણચંદ શોભાગચંદ મુંબઇ.
૫૦ રા. રા. મોતીચંદ ગીધરલાલ કાપડિયા સોલીસીટર. મુંબઇ.
૫૦ શેઠ હેમચંદ અમરચંદ મુંબઇ.
૫૦ મોહનલાલ હેમચંદ મુંબઇ.

તે સિવાય **મંદસોર**ના નીચે લખ્યા ગૃહસ્થો તરફથી મદદ મળી તેનાં નામ:—

| | | | |
|---|---|---|---|
| ૨૧ | શેઠ બછરાજ કુનણજી, | ૨૧ | શેઠ ફતાજી ત્રીલોકચંદજી, |
| ૨૧ | ,, કુનણજી કાલુરામ, | ૨૧ | ,, રૂપચંદ ચુનીલાલ, |
| ૨૧ | ,, પુનમચંદજી સંઘવી, | ૪ | ,, ગુમાનજી નાનાલાલ, |
| ૧૫ | ,, ફતાજી કચરમલ, | ૧૧ | ,, ઉત્તમચંદ રખબદાસ, |
| ૧૧ | ,, પુનમચંદ મોતીલાલ, | ૭ | ,, ગણસીરામ લછમણદાસ, |
| ૫ | ,, ગમીરચંદ પનાલાલ લોઢા. | ૪ | ,, નાથુરામ ઉદેચંદ લોઢા, |
| ૯ | ,, ફતાજી વછરાજ, | ૩ | ત્રણ ગૃહસ્થો તરફથી રૂપિયો એકેક. |

આ ખાતામાં ફંડ લગભગ ખલાસ થવા આવ્યું છે. જેથી આ ખાતું કાયમ નભાવવા માટે જૈન ગૃહસ્થોએ પોતાથી બનતી રકમ આ ખાતા માટે કોન્ફરન્સ ઓફીસના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીના ઉપર મોકલવા વિનંતિ કરવામાં આવે છે. ગરીબ વિધવાઓ

તથા પુરૂષોને આ ખાતેથી યોગ્યતા મુજબ તે ગામના આગેવાન ગૃહસ્થોના અભિપ્રાય મળ્યાથી મદદ આપવામાં આવે છે. આ ખાતું કાયમ નિભાવવું એ દરેક જૈન બંધુની ફરજ છે. શ્રી જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયાના ઉત્સાહી સેક્રેટરીઓ શેઠ રતનચંદ તલકચંદ માસ્તર તથા શેઠ મોહનલાલ હેમચંદ આ ખાતુ કાયમને માટે ટકી રહે તે માટે એસોસીએશનના નિરાશ્રિત ફંડમાંથી દર વરસે અમુક રકમ આ ખાતાને આપવા બંદોબસ્ત કરશે એવી અમો આશા રાખીએ છીએ.

# શ્રી ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

(**તપાસનાર**-શેઠ ચુનીલાલ નહાનચંદ ઓનરરી ઓડીટર શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.)

**(૧) પ્રાંત કાઠીઆવાડ તાબે શહેર જામનગર મધ્યે આવેલા શ્રી નેમીનાથજી મહારાજના** દેરાસરજીના વહીવટને લગતો રિપોર્ટઃ—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી પ્રથમના વહીવટકર્ત્તા મર્હુમ શેઠ ગોવિંદજી મુલજીના હસ્તકનો સંવત ૧૯૫૮ થી તે સંવત ૧૯૬૬ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો તે જોતાં દરેક જંગમ મીલ્કત આ ખાતા ( શ્રી જૈન ધાર્મિક હિસાબ તપાસણી ખાતું ) ની સૂચના મુજબ દેરાસરજી ખાતે જમે કરી દરેક મીલ્કત ખાતે ઉધારી તેનું વીગતવાર લીસ્ટ દરેક મીલ્કતના ખાતામાં જુદું જુદું નોંધવામાં આવ્યું છે. તે વિગેરે આખા વહીવટનું નામું રીતસર રાખી વહીવટ ઘણોજ સારી રીતે પૂરતી કાળજીથી ચલાવતા હતા પણ દૈવયોગે તેઓનો દેહોત્સર્ગ થવાથી તે વહીવટ સંઘ તરફથી હાલના વહીવટકર્ત્તા શેઠ ચુનીલાલ માણેકચંદને સોંપવામાં આવ્યો છે, અને તેઓ પણ ઘણી જ કાળજીથી નામું રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવે છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

સદરહુ સંસ્થાને લગતો વહીવટ તપાસી તેમાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચના પત્ર વહીવટકર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે.

**(૨) પ્રાંત કાઠીઆવાડ તાબે ધ્રોળ મધ્યે આવેલા શ્રી શાંતિનાથજી મહારાજના** દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટઃ—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્તા મેતા લાલચંદ પરસોતમ તથા મેતા ભગવાનજી કાળા તથા મેતા અવચળ દયાલજી તથા મેતા માણેકચંદના હસ્તકનો સં. ૧૯૬૨ થી તે સં. ૧૯૬૮ ના વૈશાખ વદી ૫ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો તે જોતાં નામું રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવ્યો છે તે બહુ ખુશી થવા જેવું છે, પરંતુ ગઇ સાલથી શ્રી સંઘમાં ઘણો મતભેદ પડી ગયો છે તેથી આ સંસ્થાને પૂરેપૂરૂં નુકસાન થવાનો સંભવ છે માટે તે મતભેદ કઢાવી નાંખી સર્વને એકમત કરવા આ ( શ્રી જૈન ધાર્મિક હિસાબ તપાસણી ) ખાતા તરફથી પ્રયત્ન કર્યો હતો પણ ત્યાંના આગેવાન શેઠ

મુળચંદભાઇ ત્યાંના કુંવર સાહેબ સાથે છોટા ઉદેપુર ગયેલા હોવાથી અને તેમને અત્રે આવવાની ઢીલ હોવાથી તેઓની હાજરી સિવાય કામ પાર પડે તેમ નહિ જણાવાથી તે કામ તેઓના આવવા ઉપર મુલત્વી રાખ્યું છે.

આગેવાન શેઠ મુળચંદભાઇને અમારી ભલામણ છે કે બનતી મહેનત કરી જેમ બને તેમ તાકીદે સદરહુ સંઘમાં જે કલેશ ચાલે છે તે દુર કરાવી સદરહુ સંસ્થાનું નવેસર બંધારણ કરાવી યોગ્ય ગૃહસ્થને વહીવટકર્તા નીમી વહીવટ સારી રીતે ચાલે તેવો બંદોબસ્ત તાકીદે કરશે.

સદરહુ સંસ્થાનો વહીવટ તપાસી તેમાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચના પત્ર વહીવટકર્તા ગૃહસ્થને સોંપવામાં આવ્યું છે.

**પ્રાંત કાઠીઆવાડ મધ્યે શહેર જામનગર તાબે ગામ વંથલી મધ્યે આવેલા શ્રી અનંતનાથજી મહારાજના** દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટઃ—

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્તા શેઠ મુળચંદ દેવજી તથા શેઠ પાનાચંદ પ્રાગજીના હસ્તકનો સં. ૧૯૬૧ થી તે સં. ૧૯૬૯ ના વૈશાખ વદી ૫ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો તે જોતાં નામું રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવતા જોવામાં આવે છે તે માટે તેમને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે.

સદરહુ સંસ્થાનો વહીવટ તપાસી તેમાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે.

**પ્રાંત કાઠીઆવાડ મધ્યે શહેર જામનગર તાબે ગામ હડમતીઆ મધ્યે આવેલા શ્રી મહાવીર સ્વામી મહારાજના** દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટઃ—

સદરહુ સંસ્થાના વહીવટકર્તા શ્રી સંઘના હસ્તકનો સં. ૧૯૬૮ થી તે સં. ૧૯૬૯ ના વૈશાખ શુદી ૧૩ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો, તે જોતાં સદરહુ સંસ્થાનો વહીવટ ઘણોજ ગુંચવાડા ભરેલો કરી નાંખ્યો હતો તેથી આ ખાતા તરફની તપાસણી દરમિયાન નવા ચોપડા બંધાવી આપી નામું રીતસર રખાવી વહીવટ સારી રીતે ચલાવવાની ગોઠવણ કરી આપવામાં આવી છે.

સદરહુ ગામ શ્રી રાજકોટથી જામનગર જતાં રસ્તામાં આવતું હોવાથી ત્યાં સાધુ મુનિરાજોને જવા આવવાનો પરિચય ઘણો છે.

સદરહુ સંસ્થામાં ઉપાશ્રય નહિ હોવાથી ગઇ સાલમાં જામનગરના સંઘની મદદથી શા. કમળશી ઠાકરશી પોતે શ્રી મુંબઇ જઇ ટીપ કરી નાણું લાવી ઉપાશ્રયનું કામ શરૂ કર્યું છે, અને ગામ મધ્યેના શ્રાવકો તેમાં પોતાથી બનતી મદદ કરે છે તેથી તેમને તથા ત્યાંનાં સંઘને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે.

સદરહુ સંસ્થાને લગતો વહીવટ વહીવટ તપાસી તેમાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે.

# દશેરાપર થતો પશુવધ બંધ.

દશેરાના માંગલીક દિવસો આપણા હિંદુસ્તાનમાં રાજા રજવાડાઓમાં તથા પ્રજામાં ભારે ઉત્સાહ વચ્ચે ઉજવાય છે. મનુષ્ય પ્રાણી જ્યારે આ દિવસોમાં મોજ મજા કરે છે ત્યારે બિચારાં નિર્દોષ મુંગાં પ્રાણીઓ પોતાની કરૂણાજનક સ્થિતિ ભોગવતાં નજરે પડે છે. તે ગરીબ પ્રાણીઓ તે દિવસોમાં સ્વતંત્ર મનુષ્ય પ્રાણીઓના હાથે હજારો અને લાખોની સંખ્યામાં કપાઇ જાય છે. આવી કઢંગી રીત હિંદુસ્તાનના રાજા રજવાડામાં તથા દેવી મંદિરોમાં પ્રથમ વિશેષે કરીને પ્રચલીત હતી પણ હવે કેળવણીના પ્રતાપથી ઘણેખરે અંશે નાબુદ થઈ છે. આવા ધર્મના બ્હાને અજ્ઞાનતાથી થતા પશુવધ તરફ તેઓ સર્વેનું ધ્યાન ખેંચવાને અને તે બંધ કરવાને જૈન કોમના ત્રણે ફીરકાઓની સંયુક્ત અરજીઓ કારણ દર્શાવી રાજા રજવાડાઓમાં મોકલવી શરૂ કરવામાં આવી. જેના પરિણામમાં ધીમે ધીમે હિંદુસ્તાનના ૧૨૫ રાજા મહારાજાઓએ પોતાના રાજ્યમાં પશુવધ બંધ કરાવ્યો છે. ઉપરાંત કેટલાક નાના ગામના ઠાકરડાઓએ પણ તેઓના ગામમાં તેનો અમલ કીધો છે. ગયા દશેરાના તહેવારોપર સરેસ્તા મુજબ રાજા મહારાજાઓને અરજીઓ મોકલાવતાં નીચે જણાવ્યા મુજબના રાજ્યકર્તાઓએ પોતાના રાજ્યમાં પશુવધ બંધ કર્યાનું કોન્ફરન્સને જણાવવામાં આવ્યું છે,

(૧) અજાઇગઢ (સેન્ટ્રલ ઇન્ડીઆ) (૨) હૈદરગઢ (બસોડા સ્ટેટ, સેન્ટ્રલ ઇન્ડીઆ), (૩) રાજ ભદવાર (ડી. આગ્રા) (૪] છતરપુર સ્ટેટ (૫) વસાણા (૬) રણસીપુર (૭) હીરપુરા (૮) રામપુરા (૯) હાથીપુરા (૧૦) આગલોડ નાનાવાસ (૧૧) માણકપુર (૧૨) લાકરોડા (૧૩) મહુડી (૧૪) ખડાત (૧૫) કડોલી (૧૬) પીલવાઇ (૧૭) અનોડીઆના સાતવાસ (૧૮ પેઢામલીના બે વાસ (૧૯) ગસાયતા સંગપુર (૨૦) દેવાસ (૨૧) દેવાસ (રાજપુતાના) (૨૨) ભીણામ (મારવાડ).

ઉપર લખેલ રજવાડાના રાજ્યકર્તાઓએ પોતાના રાજયમાં પશુવધ બંધ કરી હજારો જીવો બચાવ્યાનું પુણ્ય પ્રાપ્ત કર્યું છે. સદરહુ રાજ્યકર્તાઓની આવી દયાળુ લાગણીને માટે અમે તેઓ નામદારોને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપીએ છીએ અને અન્ય રાજા મહારાજાઓ કે જેઓના રાજયમાં આવા ધર્મના અંધકાર હેઠળ પશુવધ થતો હોય તેઓ નામદારોને તે બંધ કરવા અરજ કરીએ છીએ. સદરહુ રાજ્યકર્તાઓ કે જેઓએ અત્યારસુધીમાં પશુવધ બંધ કરી અમોને જણાવેલ છે તેઓ સર્વેના નામનું લીસ્ટ દરવર્ષે અમારા તરફથી મોકલાતી દશેરાની અરજી સાથે છપાય છે. તેમજ અમારા રજીસ્ટરમાં તેઓની નોંધ રહે છે તેમજ જે જે રાજ્યકર્તાઓ તેમ કર્યાનું જણાવે છે તેઓનાં નામ તેમાં ઉમેરવામાં આવે છે.

# Jain Graduates' Association.

PRESENTATION TO DR. HARMAN JACOBI.

A meeting of the Jain Gradutes' Association was held at Lalbug near Panjarapole on Monday, the 8th inst at 8-30 a. m. to present an address to a great oriental scholar and translator of Jain scriptures Professor Dr. Harman Jacobi Ph. D. of Bonn University, Germany, who stopped here for a couple of days on his way to the Calcutta University to give lectures on rhetoric The audience consisted of about 1,000 persons including his holiness Muni Maharaj Shri Vallabhvijayji and other priests. Dr. Jacobi was greeted with cheers on his arrival in the lecture hall and was offered a chair, while others were sitting on the ground.

Pandit Lalan first opened the proceedings by way of introducing the distinguished guest as a great Scholar of Sanskrit and prakrit, translator of four Jain *Sutras* and other Jain works such as *Upanitibhavaprapanch* *Katha,* Paumachariyam ( composed in S. Y: 56 ) *Parishista Parva* of Hemachandra etc. and he also stated his invaluable services by way of dispelling false notions as regards Jainism.

Mr. Makanji J. Mehta, Bar-at-Law, after a few preliminary remarks read the following address and the same was translated into Gujarati by the Secretary Mr. Mohanlal D. Desai, B.A., L.L.B. for the information of the audience.

*TO,*

## Prof. Dr. Herman Jacobi, Ph. D.

DEAR SIR,

1. It is with feelings of profound gratification that we the members of the Jain Gradutes' Association take this opportunity of offering you our most cordial welcome to this ancient and historic land, the land of Bharat, which is named after the all-victorious Bharat, son of our first Tirthankar Adinath.

2. This land has various and numerous attractions for all lovers and students of antiquities, furnishing as it does to them great amount of interest in the many relics of the ancient civilization of this land—relics which still survive and infuse a living interest in this old land of many hopes and numerous promises.

3. We Jains are proud of the part taken by our noble ancestors in the formation of that ancient civilization, and their contribution to it; and we are proud more particularly of the glorious and undying heritage which they have left us in the voluminous literature which testifies at once to the versatile genius, the prolific activities and the profound learning of our ancient ancestors.

4. It is a matter of great satisfaction to us that in this the twentieth century, with the rapid strides in education and the exploration of so many relics of antiquity, our community has begun to understand and appreciate the value of the rich literary legacy which has survived to them from ancient times, and that there is a definite tendency to bring about a revival among us of the study of our noble literature with its deep learning and philosophical disquisition that lend a charm and interest to the student of ancient history and the lover of speculative thought.

5. To you, Sir, our community is indebted a great deal for infusing into its educated members a real impetus in this direction, and we shall be doing sheer jnstice to you when we say that you have awakened in the hearts of our young men a noble spirit which has incited them to bring about a renaissance of our classical literature and learning.

6. Your authoritative versions and critical comments and introductions which have been published in the Sacred Books of the East series, with reference to our revered Sootras, and the numerous other publications, both in the English and German languages, and particularly yourscholarly exposition of our literature in general, have helped to place Jainism and Jain learning before the literary and philosophical world of Europe in their true light and perspective and have helped to dispel the vague and hazy notions which once received currency that Jainism was but a branch of Buddhism, or that the Jain community could hardly be distinguished from the Hindus. You have been the pioneer worker in the field of Jain literature in the West, and your name will be ever remembered amongst Jains with feelings of gratitude and reverence.

7. But we owe you a still deeper debt of obligation. Not only have you laid-bare by your own efforts the noble philosophy and learning of our past literature, but by infusing a vivid interest and scholarly proclivities in a band of workers in Europe who all are proud to be yonr disciples and who appear to take the same interest as yourself in our General Literature, and in works on History, Logic, Psychology and other germane branches of thought, you have suc-

ceeded in making it a certainty that your efforts in diving for the lore of Jainism should not die away as a spasmodic attempt, but that those efforts should continue to survive with your students. And it is not a little gratifying to us to learn that your noble pursuits in this ancient sea of learning have remained unceasing, and that the indefatigable industry that has characterised your work hitherto has been maintained at your advanced age.

8. We have said above that the Jain community is indebted to you for the renaissance movement now in its midst in the direction of its literature. This is literally true. For had it not been for the existence of the translations and other original works that have been published, it should have been well nigh impossible to get any portion of our Jain literature recognised and included in the syllabus of the different Indian Universities, as fortunately it has now been done. Your present visit to India with a view to deliver a series of lectures on your favourite themes in connection with the University of Calcutta, is bound to leave a most useful impression and effect, and we have every confidence that, before you leave these shores, you will have succeeded in enlivening in the hearts of the educated section of our community and more particularly of the young men who are awaiting with intense interest the pleasure of giving you audience, a feeling of the deepest love and regard for the ancient lore, a portion of of which you have expounded, and the whole of which, thanks to your continued efforts and the efforts of your pupils will, we have every hope, be given greater publicity to in the near future.

9. And now, Sir, we beg to offer you again a most cordial welcome in our midst and thank you for having afforded us an opportunity of expressing to you our heart-felt gratitude for your labours on behalf of Jainism in the past We earnestly pray for your long life, continued prosperity and perfect happiness.

*Dated at Bombay this 8th day of December 1913.*

We have the honour to be,

Dear Sir,

Your most obedient servants,

LAKHAMSEY H. MEISHERI,
B. A. LL. B.
*President.*
*Jain Graduates' Association.*

MOHANLAL D. DESAI.
B A., LL. B.
*Honorary Secretary.*

*Then the President, Mr. Lakhamsey H. Meisheri presented the Address with a silver casket with the remarks that it was a very humble token of admiration and love for the Doctor's monumental services.*

## DR. JACOBI'S REPLY.

" I express my deep gratitude for your kind words in appreciation of my literary work, which do not deserve praise. I have merely tried to clear up the false notions and to explain the real meaning of the Jain essence and in that I do not know how far I have succeeded.

I am not a stranger here as I was in India in 1873. I had been on the tour to Rajputana with Dr. Buhler the great Sanskrit scholar. Things were different then. Now I have been struck with extraordinary change that has taken place and I realise what Pax Britannica means. At that time we could explore the famous Jain Bandar at Jesalmere and get a number of Jain manuscripts which are now stored in the Deccan College Library and several libraries of Europe. Besides we visited famous Jain temples and saw much of Jainism.

On my return to Germany I determined to explore Jain religion. As an obstinate opponent I had to fight with other oriental scholars against their theories as to origin and development of Jainism. By convincing arguments I prove that Jainism was not an off shoot of Budhism but quite independent of it and much older than that. In course of that I shall be able to prove that not only that Jainism is ancient and independent religion but it is one of the great religions of the world.

It is left to you, Jains to supply me and my pupils with your sacred *Sutras* and other works as you should well know, more the light of Jainism shines, more the benefit will be derived. I have incited many workers and try pupils to embark upon the exploration or rather description of the Jain religion in its true perspective. I in the end once more express feelings or gratitude and extreme satisfaction for the fact that my humble work has been appreciated by those whom it was meant

Lastly His Holiness Shri Vallabh Vijayaji while summing up exorted the audience to at once pick up the offer made by Dr. Jacobi and to form a committee to carry it into effect and also to have Jain religion series, Prakrit Dictionary, Jain History, compiled and the various false notions about Jain religion amongst the western scholars cleared up at the hands of such Savaunts like Dr. Jacobi and his worthy pupils.